
॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

ૐ

# ॥ વેદ રહસ્ય ॥



વિદેહ કૈવલ્ય મુક્ત – સંવત ૨૦૩૩ ફાગણ સુદ બીજ રવિવાર

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ
સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજ

સમાધિ સ્થળ : મું. [illegible]

વર્ષ ૩૭ સંવત ૨૦૭૧ મહા, ફેબ્રુઆરી – ૨૦૧૫, અંક – ૨

# 'વેદ રહસ્ય' સામયિક સભ્યોને ખાસ વિજ્ઞાપન

- ✓ 'વેદ રહસ્ય' દર મહિનાની પાંચ તારીખે પ્રગટ થાય છે.
- ✓ 'વેદ રહસ્ય' નું વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર સુધી ગણાય છે.
- ✓ પત્રવ્યવહારમાં ગ્રાહક નંબરનો અવશ્ય ઉલ્લેખ કરવો
- ✓ સરનામા ફેરફાર થાય તેમજ તા. પંદર સુધીમાં અંક ન મળે તો પત્રથી ફોન નંબર સાથે અથવા ફોન દ્વારા અથવા રૂબરૂ પ્રકાશકશ્રીના સરનામે જાણ કરવી
- ✓ જે સભ્યોનું વાર્ષિક લવાજમ પુરૂ થાય અને ડીસેમ્બર મહિનાની તા. ૧૫ સુધીમાં લવાજમ ભરવામાં ન આવે તો અંક આપોઆપ ત્યાર પછીના મહિનાથી બંધ થયેલ ગણવામાં આવશે.
- ✓ વર્ષની વચ્ચે કોઈપણ મહિનામાં વાર્ષિક સભ્ય થયા હશે તો પણ વર્ષ ડીસેમ્બર માં પુરૂ થયેલું ગણાશે.
- ✓ કોઈપણ જાતનું લવાજમ ભરીને કાર્યાલયમાંથી ફરજીયાત પહોંચ મેળવી લેવાની રહેશે.
- ✓ લેખો, ભજનો, કીર્તનો વગેરે ધાર્મિક, આધ્યામિક, જીવન ઉપયોગી હોવા જોઈએ. લેખો–ભજનો–કીર્તનો વગેરે ઉપર જાણાવ્યા પ્રમાણે અનુરૂપ નહીં હોય અથવા કોઈપણ પુસ્તકના કે છાપાના ઉતારા હશે અને પ્રગટ કરવા જેવા નહીં લાગે તેવા લેખો–ભજનો–કીર્તનો વગેરે રદ કરી શકાશે અને લેખકોને પરત મોકલવામાં આવશે નહીં. લેખકોને કોઈપણ જાતનું મહેનતાણુ કે પુરસ્કાર આપવામાં આવતો નથી.
- ✓ પ.પૂ. શ્રી મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યની શુભ પ્રેરણા અને અસીમ કૃપાથી 'વેદ રહસ્ય' સામયિકનો શુભ આરંભ થયેલ તેમજ પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજની પ્રેરણા તેમજ આશીર્વાદથી અને તેમના માર્ગદર્શન નીચે સેવક સમુદાય દ્વારા સુરત થી પ્રગટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સામયિકની પ્રવુત્તિ અને વિકાસ વધતો જ જાય છે. તેથી આપ સૌ સેવક–ભકતોને નિવેદન કરવામાં આવે છે કે વાર્ષિક લવાજમ ભરીને વારંવાર સભ્ય થવું, લવાજમ ભરવામાં નિયમિતતા જળવાય નહીં, તેના બદલે આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બની જાઓ તો તમારે અને કમીટી મંડળ બંનેને ઘણી સાનુકૂળતા થઈ જાય અને વહીવટમાં પણ સુગમતા રહે. તેથી આપ સૌ સેવક–ભકતો આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બનો અને બીજાને બનવાની પ્રેરણા અને ઉત્સાહ વધારો જેથી આપે સત્સંગ સાહિત્યની મહાન સેવા કરી ગણાશે.
- ✓ લવાજમની રકમ રોકડેથી ભરી શકાશે તેમજ ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફ્ટથી પણ લવાજમ ભરી શકાશે. ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફ્ટ વગેરે **''શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ''** ના નામનો કઢાવવાનો રહેશે અને પ્રકાશકશ્રીના સરનામે મોકલવાનો રહેશે.

## ખાસ સૂચના

- ✓ લેખ, ભજન કે કીર્તન મોકલનારે તારીખ સાથે પોતાનું સ્વચ્છ સરનામું તથા ફોન નંબર આપવાનો રહેશે તેમજ લેખ, ભજન કે કીર્તનના અંતમાં પોતાની સહી કરવાની રહેશે. સહી કરેલા લેખ, ભજન કે કીર્તન સારા અક્ષરોમાં હાસિયો છોડીને લખેલા હશે તો જ માન્ય ગણાશે. ઝેરોક્ષ કરેલા લેખ, ભજન કે કીર્તન માન્ય રહેશે નહીં.
- ✓ **જે વેદ રહસ્ય અંકના આજીવન સભ્ય સ્વર્ગવાસ થયેલ છે. તેનું આજીવન પુરૂ થાય છે. તો નવું લવાજમ ભરી સભ્ય થવા ખાસ સુચના છે. નહીતર આવતા મહીને અંક બંધ કરવામાં આવશે.**

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગર વેદાન્તાચાર્ય
વર્ષ: ૩૭ / ફેબ્રુઆરી-૨૦૧૫ / અંક-૨

## અનુક્રમણિકા


૪ કઠોપનિષદ્
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

૮ શ્રી શિવમહિમ્નઃ
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

૯ ત્રણ સાધનો
પટેલ દેવીકાબેન જે. ઓઝરાળા

૧૦ બાળ કેળવણી
લવજીભાઈ કે. સવાણી (નવા નાવડા)

૧૧ નિઃશ્રેયસ પ્રાપ્તિ
બ્ર. શ્રી જયાનંદજી મહારાજ વેદાન્તાચાર્ય

૧૨ વૈરાગ્ય કે આસક્તી
રમીલાબેન એલ. માંગુકીયા (દડવા)

૧૩ જીવ અને શિવનું મિલન
વિભુતી વી. દવે (બરોડા)

૧૪ સંત સંગનો મહિમા
રણછોડભાઈ અધેવાડા

૧૫ બ્રહ્મલાભ
રજુ. કેશવભાઈ ભરોડિયા (પાલડી)

૧૭ ભજન
મફતલાલ

૧૮ તત્ત્વબોધ
રેખાબેન આર. મચાણી (ભાવનગર)

૨૧ સત્સંગ કાર્યક્રમ
સંકલિત


જય સચ્ચિદાનંદ

ૐ શિવોઽહમ્

## આત્મષટક સ્ત્રોતમ્

**મનોબુદ્ધયહંકાર ચિત્તાનિનાહં
ન ચ શ્રોત્રજિહ્વે ન ચ ઘ્રાણ નેત્રે,
ન ચ વ્યોમ ભૂમિ ર્ન તેજોર્ન વાયુ
ચિદાનંદરૂપઃ શિવોઽહમ્ શિવોઽહમ્ ॥૧॥**

### શ્લોકાર્થ

હું મન બુદ્ધિ અહંકાર અને ચિત્ત નથી. હું કર્ણ અને જિહ્વા નથી હું નાસિકા અને નેત્ર નથી હું આકાશ અને પૃથ્વી નથી હું તેજ નથી વાયું નથી. પરન્તુ હું ચિદાનંદ રુપ શિવ છુ હું શિવ છું !

**: માધવ પીઠાધિપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત-૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૬ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

ઈચ્છા હોય બીજી ને માંગે બીજું તો એથી કાંઈ કામ વળે નહીં કેમ કે ન આવડે એટલે ગુરૂ સમજે આ નથી આવડતું એટલે આ બધુ સંસારનું દઈ દ્યો ને. આત્માનું તો શીખતો નથી એટલે જીજ્ઞાસા હોવી જોઈએ કે મારે અંદરનું જ શીખવું છે. જીજ્ઞાસા હોયને એને આવડે ને જીજ્ઞાસા ન હોયને તો હોય તોય નો આવડે. તમારી અંદર શક્તિ છે પણ જો શક્તિને વાપરવાની હિંમત હોય ને મારી પાસે છે એમ સાંભળો તો વાપરી શકો. નકર નથી એમ કહો તો ઢીલા ઢબ થઈને... ઘરડા માણસ સમજે ને કે આપણી પાસે કંઈ શક્તિ નથીને એટલે ઢીલા પડયા. હમણે સર્પ આવ્યો હોય તો ? ઘરડો હોય તોય મંડે ભાગવા. તો આવી ક્યાંથી શક્તિ ? શક્તિ તો અંદર ભરી છે પણ મનમાં એમ માની લીધું કે ઘરડા થઈ ગયા આપણાથી કંઈ થાય નહીં, તો ન થાય, તો નબળા થઈને બેસી રહે. જો હમણે શક્તિ હોયને હિંમત હોયને તો એ પણ ભાગવા લાગે કૂદવા લાગે કેમ કે શક્તિ તો બધાની અંદર છે પણ એ મનથી નબળા થઈ જાય કે આપણાથી હવે કંઈ વપરાશે નહીં.

એટલા માટે શક્તિ તો બધાની અંદર ભરપૂર ભરેલી છે. એનો ઉપયોગ બધા કરી શકે છે. પણ જો મનમાં ઢીલાશ થઈ જાય તો એનો ઉપયોગ થતો નથી. એટલે એની પરીક્ષા કરવા માટે કહે છે કે આ આત્મજ્ઞાન 'अणुरेष धर्मः' એટલે સુક્ષ્મ છે એને સમજવું અઘરું છે. હવે, અઘરું કહે ને તો ઘણાં છોડી દે છે ! શું કરે છે ? બોલો. એટલે જ પરીક્ષા છે. અઘરું કે' એને છોડી દેવું કે વધારે હિંમત કરવી ? શું કરવું ? બોલો. જો ગીતામાં ભગવાને કહ્યું કે, નિર્ગુણ ઉપાસના તો અઘરી છે કઠિન છે, એટલે છોડી દેવી ? કે કઠિન છે એટલે શીખીને આગળ વધવું એટલે લોકો આગળ વધવાને બદલે, ઉલટા શું કરી દે છે ? બોલો. છોડી દે છે. કે ડોક્ટર થવું અઘરું છે. એમ કરીને ડોક્ટર કોઈને થવું જ નહીં ? ઈજનેર થવું અઘરું છે એટલે કોઈને ઈજનેર થવું જ નહીં. તો હવે, દેશ ચાલશે કઈ રીતે ? એમ જો તમે આ તત્ત્વજ્ઞાન લેશો જ નહીં અઘરું છે અઘરું છે એમ કહીને પડી રહેવા દેશો તો પછી બધા મવાલા જ થશો કોઈ સારા થશે જ નહીં. એટલા માટે અઘરું છે એટલે છોડી દેવા માટે નહીં. પણ અઘરું છે એટલે સાવધાન થવા માટે. શું થવા માટે ? બોલો એટલે ગુરુ શિષ્યને કહે છે - अणुरेष धर्मः देवैरत्रापि विचिकित्सित કે મોટા મોટા દેવો એ પણ આત્માને જાણવા માટે મહેનત કરી પણ ઘણાં દેવો પણ સમજ્યા નહીં ને દેવો ભોગોમાં લાગી ગયા. શું કરી ગયા ? બોલો. દેવો તો સમજો છો ને,બોલો ? ભૂદેવો ! ગુરુદેવો ! કયા દેવો ? બોલો ? ગુરુદેવો, મોટા મોટા સન્યાસીઓ હોયને તો પણ ભોગમાં લાગી પડે અને ઘણાં ઘણાં બીજા બ્રાહ્મણો હોય ભણ્યા ગણ્યા હોય તોય શું કરે ? બોલો ? તોય પાછા ભોગમાં....

કે -

**મ્હોટા ભણ્યા ગણ્યા પંડિત ડાહ્યા,**
**છોડી ધર્મ અને ધનને ધાયા,**
**ત્હેને ઝટ લઈને કાળે માર્યા, અણસમજુ...**

(સ્વામી પ્રિતમદાસજી)

એટલા માટે આલોકના ભોગ અને સ્વર્ગના ભોગો સ્વર્ગના ભોગો એટલે તમને અહિં પરલોકનું સુખ ને બદલે બા'રનું સુખ અમેરીકાનું સુખ. કોઈ

ભગત હોયને એને કહે કે હાલો તમને અમેરીકા લગ્ન કરાવી દવ તો તૈયાર થઈ જાય કે હાલો બા'ર જવાનું...તો શું છે ? કે ભક્તિમાં પણ વિઘ્ન આવીને ઊભુ રહે તો ભક્તિ છૂટતી જાય. એટલે ત્યાં એની પરીક્ષા છે કે એ સમજીને ભક્તિ કરે છે કે દેખાદેખીથી કરે છે ? જો સમજીને કરે ને તો આખી દુનિયાના પદાર્થો મળે તોય ના છોડે કેમ કે એક તરફ પૂર્ણ છે ને બીજી તરફ અધુરું છે એક તરફ અમર છે ને બીજી તરફ મરવાવાળું છે એક તરફ પોતાનું છે ને બીજી તરફ પારકું છે.

**પરાધિન સપનેહું સુખ નાહીં ।**
**અનિત્યં અસુખં લોકં ॥**

જે અનિત્ય હોય એમાં સુખ ન હોય અને પરાધીનતામાં સુખ ન હોય. જયારે આત્મા તો પોતાનો છે ને અમર છે. શું છે ? બોલો ? એટલે મરે એમ નથી એટલે દુઃખ નથી. પોતાનો છે એટલે હંમેશા સુખ સુખ ને સુખ. પણ સમજવો અઘરો છે. એટલે સાવધાન રહેવું જોઈએ. શું છે ? બોલો ? સમજવો અઘરો છે. એટલે સાવધાન રહેવા માટે પરીક્ષા કરવા માટે કહ્યું કે દેવોએ પણ આ જાણવા માટે મહેનત કરી છતાં દેવો સમજી શક્યા નહીં એટલા માટે તું આ વરદાન માંગવાની રતિ (ઈચ્છા) છોડી દે. શું કર ? કે હું તને સ્વર્ગને માટે જે બતાવું -

निचिकेताकी स्थिरता

देवैरत्रापि विचिकित्सितं किल
त्वं च मृत्यो यन्न सुविज्ञेयमात्थ ।
वक्ता चास्य त्वादृगन्यो न लभ्यो
नान्यो वरस्तुल्य एतस्य किश्चित् ॥ २२ ॥
॥ १-१-२२ ॥

देवैरत्रापि विचिकित्सतं નચિકેતા હવે યમરાજાને કહે છે કે તમે દેવોએ જેને જાણવા માટે મહેનત કરી. એનો અર્થ છે સારી વસ્તુ છે. શું છે ? કેમ કે દેવોએ મહેનત કરીને ! તો મહેનત શું કામ કરી ? કે સારી હોય તો જ મહેનત કરે ને નહીંતર ન કરે કે મોટા મોટા રાજાઓ પણ બધુ છોડીને ભગવાનને માર્ગે, શું કર્યું ? બોલો. પછી ભલે રહી શક્યા ન રહી શક્યા એ જુદી વાત છે પણ સારું છે એટલે એ રસ્તે ચાલે છે ને. પછી કોઈ પહોંચે ને કોઈ ન પહોંચે. જેને શ્રદ્ધા હોય, ટેક હોય, શૂરવીરતા હોય, ધીરતા હોય એ પહોંચે અને બીજા અડધેથી શું કરે ? બોલો, પાછા વયાવે. પાછા વયાવે એટલે ખરાબ છે એમ ન સમજવું એ તો એની હિંમત નો'તી, કાયર હતો એટલા માટે પાછો વયાવો. પણ રસ્તો તો સારો છે કેમ કે સારા માણસો પણ એ રસ્તે જવા માટે તૈયાર થાય છે. એટલે કહે છે દેવતાઓએ પણ એના માટે ચેષ્ટા કરી અને બહુ કઠીન છે. એમ પણ યમરાજા તમે કહો છો. તો હવે આ જ્ઞાન તમારાથી બીજો દેવાવાળો મને કંઈ મળશે નહીં. તો ભોગો તો ઘણાં જન્મો મળ્યા છે પણ આ જ્ઞાન મળવું અઘરું છે ! ને તમારા જેવા ગુરૂ મળ્યા છે તો બીજે પછી મારે કયારે મળવાનું છે ? એટલે કૃપા કરીને એ જ વરદાન મને આપો છતાં યમરાજા હજી એને કહે છે કે નય તું એ રે'વા દે હું તને પુત્ર, પત્ની, પદાર્થો ઘણાં ભોગો અત્યારે પણ આપું અને સ્વર્ગમાં પણ આપું એ પરીક્ષા કરવા માટે કહે છે-

शतायुषः पुत्रपौत्रान्वृणीष्व
बहून्पशून्हस्तिहिरण्यमश्वान् ।
भूमेर्महदायतनं वृणीष्व
स्वयं च जीव शरदो यावदिच्छसि ॥
॥ १-१-२३ ॥

યમરાજા નચિકેતાની પરીક્ષા કરવા માટે કહે છે કે હું તને સો વર્ષ જીવે એવા પુત્રો આપું અને પુત્રોના પણ પુત્રો આપું 'बहून्पशून्हस्ति' અનેક હાથીઓ અનેક ઘોડાઓ અનેક પ્રકારના વૈભવો હું તને પ્રદાન કરું અને મહાન મોટી ભૂમિનું રાજ આપું અને તને લાંબુ આયુષ્ય આપું. નહીંતર શું થાય ? ભય બધુંય આપે પણ આયુષ્ય ઓછું હોય તો શું કરે ? એટલે કહે કે હું તને લાંબુ આયુષ્ય પણ આપું આ બધું આપું ! એ તો -

एतत्तुल्यं यदि मन्यसे वरं
वृणीष्व वित्तं चिरजीविकां च ।
महाभूमौ नचिकेतस्त्वमेधि
कामानां त्वा कामभाजं करोमि ॥ २४ ॥
॥ १-१-२४ ॥

યમરાજા કહે છે કે એથી વધારે તને કોય સારું લાગતું હોય તો તું બીજું પણ માંગ આ ભૂમીમાં જે કંઈ તને ઈચ્છા જગતના ભોગોની પદાર્થોની હોય એ તું માંગ અને આ લોકના જ નહીં, સ્વર્ગના પણ -

ये ये कामा दुर्लभा मर्त्यलोके
सर्वान् कामान्श्छन्दतः प्रार्थयस्व ।
इमा रमाः सरथाःसतूर्या
न हीदशा लम्भनीया मनुष्यैः ।
आभिर्मत्प्रत्ताभिः परिचारयस्व
नचिकेतो मरणं मानुप्राक्षीः ॥ २५ ॥
॥ १-१-२५ ॥

યમરાજા કહે છે કે એથી કંઈ સારી વસ્તુ તારે જો'તી હોય તે માંગ. હું તને સ્વર્ગના સુંદર ભોગો આપું ઈમા, રમા, સરથા, સતૂર્યા અનેક પ્રકારના ભોગો આપું લાંબુ જીવન આપું અનેક વૈભવો આપું પણ તું આ આત્માનું, મરણ પછી આત્મા રે' છે કે નહીં એ જાણવાનું તું છોડી દે. એ રામા'ણમાં તારે પડવાની જરૂર નથી. એમ પરીક્ષા કરી ત્યારે નચિકેતા હવે, જે કહે છે ને એ આપણે બધાએ શીખી રાખવું કેમ કે આપણે નચિકેતાના પક્ષમાં રહેવું કેમ કે એના જેવા આપણે થઈએ તો એના જેવો લાભ મળે તો નચિકેતા કહે છે કે -

नचिकेता की निस्पृहता

श्वोभावा मर्त्यस्य यदन्तकैत –
त्सर्वेन्द्रियाणां जरयन्ति तेज:।
अपि सर्वँ जीवितमल्पमेव
तवैव वाहास्तव नृत्यगीते ॥ २६ ॥
॥ १-१-२६ ॥

નચિકેતા કહે છે કે श्वोभावा मर्त्यस्य यदन्तकैतत् હે અંન્તક ! હે મર્ત્યક ! यदन्त એટલે અંત કરવાવાળા એને 'यदन्त' કહેવાય. 'अन्तक' એટલે યમરાજા. બધાનો અંત કોણ કરે ? યમરાજા આવે તો અંત થઈ જાય ગાડી યાત્રા પૂરી થઈ જાય એટલે બધાનો અંત કરવાવાળા હે યમરાજા श्वोभावा કે આ જગતના જેટલા તમે ભોગો દીધાને એ કાલ રે' કે ન રે' એ નક્કી નય. તમે ભલે ઝાઝું જીવવાનું કો' પરંતુ ઝાઝું પણ એક દિ' ઓછું થઈ જાય. ઝાઝું હોય ઈ શું થઈ જાય. બોલો ? કેમ કે ઝાઝું ઝાઝું જીવવા વાળા પણ એક દિ' ખાલી થઈ ગયા. મોટું લાંબુ જીવવાવાળા પણ શું થઈ ગયા ? બોલો -

**માનધાતા સરખા જે મહિપતિ થઈ ગયા**
**વરીય જેને ભૂમિ કરી ભરથાર જો,**
**અંત સમયમાં એ પણ ચાલ્યા એકલા,**
**નવ ગયુ સાથે કુટુંબને પરીવાર જો,**
**સર્વ તજીને ભજીએ પૂરણ બ્રહ્મને.**
(ગુરૂભક્ત નારાયણજી)

मान्धाता: स महीपति: क्षितितलेऽलंङ्कारभूतोऽपि गत:
सेतुर्येन महोदधौ विरचित: क्वासौ दशास्यान्तक: ।
अन्ये चापि युधिष्ठिर प्रभृतय: यातादिवं भूपते
नैकेनापि समं गता वसुमति मुंज त्वया यास्यति ॥
(સુભાષિત રત્નભંડાર)

કે માંધતાય ગયા રાવણનો નાશ કરવા વાળા સમય ગયા યુધિષ્ઠિર, ભીષ્મ પિતામહ જે મોટું મોટું લાંબુ જીવન જીવવાવાળા એ બધા શું થઈ ગયા ? બોલો ? બધા ચાલ્યા ગયા એટલે લાંબુ જીવન કહો તો પણ એક દિવસ જવાનું જવાનું ને જવાનું છે. એટલે બોલેને કે-

**હારે તારે એક દિન મરવું પડશે,**
**કે જોર તારું નહીં ચાલે રે (૨) જીવલડા...**

કે તારે એક દિન મર્યા વગર છૂટકો નથી. ભલે વે'લુ કે મોડું, કોઈ હજાર વર્ષ લાંબુ જીવે પણ તોય એને મર્યા વિના છૂટકો નથી. એટલે તમે લાંબુ જીવન ભલે આપો પણ આ બધું કાલ એક દિ' રે'વાનું નથી. श्वोभावा मर्त्यस्य दन्तकैतत् કે જેની રે'શે તો सर्वेन्द्रियाणां जरयन्ति तेज: । ધ્યાનથી સાંભળો કે ભોગો હોય તો લાભ શું કરશે ? ઈન્દ્રિયોનું તેજ ઓછું કરશે. શું કરશે ? બોલો. भोगे रोग भयं । ભોગ શું કરે ? તમે ઝાઝું જોવો તો આંખ વે'લી બગડે. ઝાઝું ખાવ તો પેટ વે'લું બગડે. ઝાઝું ભોગવો તો ટી.બી. અંદર થઈને ઊભી રે. જેટલા ભોગો વધારે ભોગવો તેટલા રોગ આવીને ઊભા રે' તો ભોગો લાભ કરે છે કે નુકસાન કરે છે કે-

**યૌવન વિષય સુખને લાવે,ઘડપણ આપી પાછી જાવે,**
**એવા યૌવનમાં શો સાર, અર્જુન સાંભળો રે,**
**લક્ષ્મી આવે આફત લાવે,**
**આફત આપી પાછી જાવે,**
**એવી લક્ષ્મીમાં શો સાર, અર્જુન સાંભળો રે,**
**ઉપર બેઠા સત્તાધારી, નીચે પડવાનો ભય ભારી,**
**એવી સત્તામાં શો સાર, અર્જુન સાંભળો રે.**

તો ધ્યાનથી સાંભળ્યુંને કે વૈભવો સુખ લાવે પણ આગળ દુ:ખ આપે. એમ આ બધા ભોગો મળ્યા તો ઈન્દ્રિયોનું તેજ ઓછું થઈ જાય છે. એ કંઈ લાભ કરીને અમર તો કરી દેતાં નથી કે ભય ઝાઝા ભોગો ભોગવવાવાળા ટાટા બિરલા અમર થઈ ગયા. થઈ ગયા અમર ? બોલો ? કોઈ કંપનીવાળા અમર થઈ ગયા ? મોટા મોટા મિનિસ્ટરો એ પણ શું થઈ ગયા ? બોલો ? ભગવાનના ધામમાં ચાલ્યા ગયા એટલે બધા ભોગી હોય એ-

**આયા હૈ સો જાયેગા ને, રાજા રંક ફકીર,**
**કોઈ અંબાડી ચઢ ચલે, કોઈ બાંધ જંજીર,**
**ધન યૌવન યોં જાયેગા જૈસે ઉડત કપૂર,**
**રે મન મુરખ પ્રભુ ભજ ક્યોં ચાટત જગ ધૂલ.**

કે જગતના કોઈપણ પદાર્થો લાંબા ટાઈમ સુધી રહેવાવાળા એ પણ એક દિ' તો જવાના છે છે ને છે. આપણને લાંબુ લાગે ! પણ બ્રહ્માજીની સામે આ દિવસ કેવો લાગે ? બોલો કીડી જીવતી હશે તો એને કેટલું

લાંબુ જીવન લાગતું હશે ? બોલો ? પણ કો'કનો પગ આવે તો કચરાયને ભગવાનના ધામમાં વય જાય. ટોલો એમ સમજતો હોય કે હું તો લાંબુ જીવન જીવું છું. બે'ન તો રોજ માથામાં હાથ નાખે ને એક બેને પતાવી દે. એમ આપણે બ્રહ્માની સામે શું છીએ ? બોલો ? એની જેવા છીએ. આપણને એમ લાગે કે આપણે બોવ લાંબુ જીવવાના છીએ.

**આદિત્યસ્ય ગતાગતેરહરહઃ સંક્ષીયતે જીવિતમ્।**
**વ્યાપારૈ ર્બહુ કાર્યભાર ગુરૂભિઃ કાલો ન વિજ્ઞાયતે ॥**
**દ્રષ્ટ્વા જન્મ જરા વિપત્તિમરણં ત્રાસશ્ચ નોત્પદ્યતે।**
**પીત્ત્વામોહમયીં પ્રમાદ મદિરા, મુન્મુત્તભૂતં જગત્ ॥**
(ભર્તૃહરિ વૈરાગ્ય શતક)

કે દિવસ ઊગેને આથમે દિવસ ઊગેને આથમે-

**દિનમપિ રજનિ સાયં પ્રાતઃ**
**શિશિર વસન્તૌ પુનરાયાતઃ**
**કાલઃ ક્રિડતિ ગચ્છત્યાયુઃ**
**તદપિ ન મુચત્યાશાવાયુ, ભજ ગોવિંદં..**
(ચર્પટપંજરિકા)

દિવસ ને રાત દિવસને રાત વસંત ઋતુને શિશિર એમ ફરતા ફરતા એક દિલસ ખાલી થઈ જવાના છીએ. પણ અજ્ઞાની જીવો હોય છે ને એ એમ સમજે કે હવે આપણે કયાં મરવાના છીએ. એટલે કહે-

**દ્રષ્ટ્વા જન્મ જરા વિપત્તિ મરણં ત્રાસશ્ચ નોત્પદ્યતે**

શું કામ ? કે-

**વ્યાપારૈ ર્બહુ કાર્યભાર ગુરૂભિઃ કાલો ન વિજ્ઞાયતે ।**

બહુ વ્યાપાર ધંધામાં નવરાય જ રહેતી નથી. વિચાર કરવા પણ નવરાય રહેતી નથી કે ઘડપણ આવ્યું કે નહીં. હવે, મરવાનું થશે એ જીવન સાંભરતું જ નથી.

**તારા મનમાં જાણે છે મરવું નથી રે**
**એવો નિશ્ચય કર્યો નિરધાર,**
**એમાં ભુલી ગયો ભગવાન...**
**ગાદીતકીયા ને ગાલ મસૂરીયાં રે,**
**અતિ આડ કરે છે એજ, તેમાં...**
**સત્સંગનો રંગ ચડીયો નહી રે,**
**ધન ભેળ્યું કર્યામાં તારું ધ્યાન, તેમાં...**
**પાપ અનેક જન્મના આવી મળ્યા રે,**
**તારી મતિ મલિન થઈ મંદ, તેમાં...**
**દેવાનંદના વ્હાલાને વિસરી ગયો રે,**
**તારે ગળે પડયો જમફંદ, તેમાં...**

જીવ ભોગમાં પડે છે ને પછી એને ભાન રે'તું નથી કે મરવાનું થશે. ઘડપણ આવશે. શું થશે ? એવું ભાન રહેતું નથી એટલે ભર્તૃહરિ રાજાએ કહ્યું - **'પીત્ત્વામોહમયીંપ્રમાદ મદિરા'** કે મોહ રૂપી દારૂ પીધો જેમ કોઈ દારૂ પીવે ને ગંદા નાળામાં પડયો હોયને તોય એને ખબર ન પડે કે હું ગંદામાં છું. એમ જે મોહરૂપી મદિરા પીવે, એને ખબર નથી પડતી કે આ શરીરમાં શું ભર્યુ છે ? આ કયારે નષ્ટ થશે ? ત્યારે શી ગતિ થશે ? એવો એને વિચાર આવતો નથી. તો એ કહેવા માંગે છે કે આ ભોગો કોઈને અમર કરતાં નથી, ભોગો શક્તિ વધારતા નથી પણ શક્તિને ક્ષીણ કરે છે. એટલા માટે નચિકેતા કહે છે કે આ બધા હાથી, ઘોડા છે ને એ બધા તમારી પાસે રાખો. મારે તો જ્ઞાન જ જોઈએ છે. બીજું કાંઈ જો'તું નથી. તો આ શું છે ? તમારે પણ ગુરુની પાસે આવી જીજ્ઞાસા હોવી જોઈએ કે મારે પુત્ર, પત્ની, ધન, મકાન, કંઈ જો'તું નથી. પણ મારે તો તત્ત્વજ્ઞાન જ જોઈએ છે. હું એને માટે આપને શરણે આવ્યો છું. એવી જીજ્ઞાસા જો હૃદયમાં હોય તો ગુરુ એને અવશ્ય તત્ત્વજ્ઞાન આપે. ગમે તેમ થઈ જાય પણ મારે તો સત્સંગ સિવાય બીજું કંઈ જો'તું નથી કે-

**ઈચ્છું નહિ અન્ય પદારથ કાંઈ**

કે હું અન્ય કોઈપણ પદાર્થની ઈચ્છા રાખતો નથી કેવળ મારે સત્સંગ જ્ઞાન જ જોઈએ છે. એવી જીજ્ઞાસા જેને હૃદયમાં થાય પુત્ર, પત્ની, ધન, પરિવાર, ભોગો ભલે ભગવાનની દયાથી મળે એની પણ અંદરથી ઈચ્છા ન રાખવી. ધ્યાનથી યાદ રાખો કે વસ્તુ નથી નડતી પણ ઈચ્છા નડે છે. શું નડે છે ? બોલો ? શું કામ ? કે મન ઈચ્છામાં રે'તો ભગવાનમાં નો રે'. વાપરો એનો વાંધો નથી. પદાર્થ ઘરમાં હોય તો ભલે પડયા રે' પણ મન એમાં ન રહેવું જોઈએ. તો કયારે નો રે' ? ઈચ્છા ન હોય તો ન રે'. તમે જેલમાં હોવ તો મન જેલમાં રે' કે ઘરમાં રે' ? બોલો ? જેલમાં રે'વાથી વાંધો નહીં પણ જેલમાં રહેવાની ઈચ્છા ન હોવી જોઈએ. તો કોને જેલમાં રે'વાની ઈચ્છા થાય ? સમજો છો ? બોલો, જેને ઘરમાં ખાવાનું ન હોય, મા-બાપ ઘરમાં ન હોય, પત્ની ન હોય અને ઘરમાં રે'વાનું ઠેકાણું પણ ન હોય એવા લોકો ઈચ્છે કે હાલો ચોરી કરીએ ને પકડાશું તો જેલ ભેગા ખાઈ-પીને મજા કરીશું. એમ અહીં જેને અંદરનો આત્માનો આનંદ ન હોય જેને પરમાત્મા પિતાનો બ્રહ્માનંદ ન હોય, જેને પરોપકાર કરવાનો આનંદ ન હોય, ભક્તિનો આનંદ જેને ન મળતો હોય એવા જીવો ભોગનો આનંદ ઈચ્છે છે કેમ કે એને નિર્મળ આનંદની ખબર નથી. નિર્દોષ આનંદની ખબર નથી. કયો આનંદ નિર્દોષ ? બોલો ? કે જેમાં પાછળ દુઃખ ન આવે, ભોગનો આનંદ લઈને પછી પાછળ દુઃખ ભોગવવાનું ને ! ભક્તિનો આનંદ લ્યો ને તો પાછળ દુઃખ ન આવે. બ્રહ્માનંદ લ્યો ને તો કોઈ દિ' ઓછો થાય જ નહીં એટલા માટે-

**ક્રમશ...**

# શ્રી શિવમહિમ્નઃ સ્તોત્રમ્

સંકલન કર્ત્રી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય ચાતુર્માસ ૨૦૧૧, સુરત.**

**ગતાંકથી ચાલુ....**

**કિમીહઃ કિં કાયઃ સ ખલુ કિમુપાય સ્ત્રિભુવનં**
**કિમાધારો ધાતા સૃજતિ કિમુપાદાન ઈતિ ચ ।**
**અતકર્યૈશ્વર્ય ત્વય્યનવસરદુઃસ્થો ઈતધિયઃ**
**કુતર્કોઽયં કાંશ્ચિન્ મુખરયતિ મોહાય જગતઃ।। ૫ ।।**

પુષ્પદંતાચાર્યજી કહે છે કે, 'ભગવાન ! તમારું જે ઐશ્વર્ય છે અતર્ક્ય છે.' અતર્ક્ય એટલે તર્કથી સમજાય એવું નથી. પરમાત્માની અંદર જે ઐશ્વર્ય છે એ ઐશ્વર્ય કેવળ શાસ્ત્રથી સમજાય છે. ઐશ્વર્ય એટલે **'ઈશન કર્તૃત્વ'** એટલે સંપૂર્ણ સંસાર ઉપર જે શાસન ચલાવે, ઉત્પન્ન કરવું અને એને પ્રલય કરવો એ જે તમારું ઐશ્વર્ય છે એ મુર્ખ વ્યક્તિને એ તર્કથી વિચાર કરવા માંગે તો એને સમજાય એવું નથી. તર્કથી જાણી શકે એવું નથી. એ ઐશ્વર્ય ઉપર જડધિય એટલે જે જડ ઉપર જ ચિંતન કરવાવાળા છે એ શંકા કરે છે. જો વસ્તુ સામે દેખાતી હોય, ચક્ષુનો વિષય હોય તો કોઈને શંકા ન થાય. અહીંયા ઘડો પડયો હોય તો બધાને દેખાય. એ કંઈ તર્કનો વિષય નથી, બધાને દેખાય છે. એનો લાભ શું (ઘડાનો) ? તો કહ્યું, પાણી ભરી શકાય. પાણીથી ભરીને રાખીએ તો જયારે પીવું હોય ત્યારે પી શકાય. એમાં કોઈને શંકા થાય કે અરે, આ ઘડો હશે કે બીજું કપડું હશે કે બીજું કાંઈ હશે એવી શંકા થાય ? નહીં. પરમાત્મા નજરે નથી દેખાતા, તર્કથી એને સિદ્ધ કરી શકાતા નથી અને નજરે જેમ નથી દેખાતા ? એટલા માટે કે એ નામ અને રૂપથી રહિત છે. નજરે એ જ વસ્તુ દેખાય જે વસ્તુ નામવાળી હોય ને રૂપવાળી હોય.

ભગવાન શંકરાચાર્યજી ગીતા ભાષ્યમાં લખે છે કે જે વસ્તુ જાતિ, ગુણ, ક્રિયા ને સંબંધવાળી હોયને એ જ વસ્તુ ઈન્દ્રિયોથી દેખાય જેનો જાતિની સાથે, ગુણની સાથે, ક્રિયાની સાથે, સંબંધની સાથે કોઈ મતલબ નથી એ વસ્તુ આંખથી દેખાતી નથી. જેવી રીતે કોઈ જાતિ હોય મનુષ્ય જાતિ તો એ આપણને આંખથી દેખાય - મનુષ્ય છે પશુ છે. એમાં ગુણ છે એય આંખમાંથી દેખાય. ગુણ એટલે પ્રત્યેક કલર. લાલ કલર, લીલો કલર જે જે કલર એ બધા આપણને આંખથી દેખાય, ગુણવાન પદાર્થ છે. એ બધા આંખથી દેખાય. જાતિવાળા પદાર્થ છે એ બધા આંખથી દેખાય અને જે ક્રિયાવાળો પદાર્થ છે એય આંખથી દેખાય જેવી રીતે 'પદધિ ગચ્છતિ ચલધિ.' કોઈ વ્યક્તિ ચાલે તો એને ક્રિયા કહેવામાં આવે. પદધિ એટલે કોઈ વસ્તુ કોઈ બનાવે ભોજન બનાવે તો એને પદધિ કહેવામાં આવે. 'ક્રિડતી' કોઈ ક્રિયા કરે તો એ ક્રિયા છે એ આપણને નજરે દેખાય જે ક્રિયાનો વિષય હોય શાસ્ત્રનો વિષય હોય જે જે ક્રિયાનો વિષય હોય એ નજરે દેખાય એને સંબંધ છે તે પણ નજરે દેખાય. જેવી રીતે ગૌવાન, ધનવાન આ વ્યક્તિ બહુ ગાયો વાળો છે કે આ વ્યક્તિ બહુ ધનવાળો છે. તો એ વ્યક્તિનો ધનની સાથે સંબંધ છે. વ્યક્તિ અને ધન અલગ છે ને ધની છે એ અલગ છે એટલે ધનનો અને ધનીનો એ બંને સંબંધ છે એટલે પેલો વ્યક્તિ છે એ એમ કહે છે કે, 'હું ધનવાન છું.' તો સંબંધ છે એ નજરે દેખાય છે. પરમાત્માની કોઈ જાતિ નથી. કોઈ કહી શકે કે પરમાત્મા બ્રાહ્મણ છે, વૈશ્ય છે, ક્ષત્રિય છે કે શુદ્ર છે ? તો પરમાત્મા જાતિ રહિત છે એટલે એ નજરે દેખાય નહીં. તો ગુણગાન હોય એટલે કલરથી એ હરિત, કપીષ (લાલ), નીલ રક્ત વગેરે જે છે એ પરમાત્મા કોઈ લાલ હોત પીળા હોત, કાળા હોત, ધોળા હોતને તો એ નજરે દેખાય પણ પરમાત્માનો કોઈ કલર નથી. પછી 'ક્રિયા' ક્રિયાવાન જે પદાર્થ હોયને એ નજરે દેખાય. પરમાત્માને આપણા શાસ્ત્રોમાં કહ્યા કે 'નિષ્કલમ્, નિષ્ક્રિયમ્' પરમાત્મા કલાથી રહિત છે અને નિષ્ક્રીય છે. અવિક્રિય છે એટલે એ નજરે દેખાય નહીં પછી સંબંધ હોય ને તો એ નજરે દેખાય. પરમાત્મા એક જ છે. સંબંધની અપેક્ષા એ બે વસ્તુમાં હોય. એ (પરમાત્મા) એક જ છે એમાં સંબંધ શું કરે ? બેમાં સંબંધ હોય છે જેવી રીતે એક ધન છે ને એક ધનનો માલિક છે એ બે છે એ બેની વચ્ચે પરસ્પર સંબંધ હોય શકે પણ પરમાત્મા છે તો એક જ એના સિવાય બીજું કાંઈ તો છે નહીં તો એનો કોની સાથે સંબંધ થાય.

આપણા શાસ્ત્રો કહે છે **'એકમેવા દ્વિતીયં બ્રહ્મ'** પરમાત્મા એક છે અદ્વિતીય છે.

एको देव सर्वभूतेषु गूढः
सर्वव्यापी सर्वभूतान्तरात्मा ।
एकं सत् विप्रा बहुधा वदन्ति ।
एकोइं बहुस्याम् ।

**ક્રમશ...**

# ત્રણ સાધનો

પટેલ દેવીકાબેન જે.
ઓઝરાળા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમાદરણિય પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામીજી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના ઓઝરાળા આશ્રમમાં કથા સત્સંગ આધારિત.

નરમાંથી નારાયણ અને જીવમાંથી શિવ બનવા માટે ભગવાને પણ સાધનો બતાવ્યા છે. જે શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને યોગ દ્વારા કર્મયોગ કહ્યો છે. જીવનમાં મળ, વિક્ષેપ અને આવરણ નામના ત્રણ દોષો રહેલા છે. મળ એટલે પાપ, અશુદ્ધિ, મલિનતા છે. વિક્ષેપ એટલે ચંચળતા જેના મનમાં ચંચળતા છે તે વિક્ષેપ. તેને દૂર કરવા માટે ભક્તિ યોગ કરવો જોઈએ. આવરણ એટલે પડદો અથવા તો અજ્ઞાન છે એના માટે સંતો કહે છે.

**''માયા પડદો દૂર કરે તો બ્રહ્મ દેખે સ્પષ્ટ જોને''**

બ્રહ્મ પ્રત્યક્ષ દેખાય પણ તેને જોવા માટે આ ચામડાની આંખો નહીં પરંતુ જ્ઞાન ચક્ષુથી દેખાય છે.

**''ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ ભુઞ્જાનં વા ગુણાન્વિતમ્ ।
વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ ॥''**

મળ નામનો દોષ દૂર કરવા માટે કર્મયોગ કરવો જોઈએ. મળ નામનો દોષ દૂર કરવા માટે ભગવાન શ્રીરામચંદ્રજીએ લક્ષ્મણને કહ્યું કે હે લક્ષ્મણ. સદ્ગુરુને શરણે જઈ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. પહેલાં તો મળ નામનો દોષ દૂર થાય. પોતાનું અંતઃકરણ શુદ્ધ બને. પોતાના વર્ણે અનુસાર કર્મ કરવાથી મળ નામનો દોષ દૂર થાય છે.

**''યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાં યેન સર્વમિદં તતમ્ ।
સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ ॥''**

પોતાના કર્તવ્ય કર્મને ધર્મ સમજીને કરે તો સિદ્ધિને પ્રાપ્ત થઈ શકે છે. જયાં સુધી પોતાના કર્મ કરવામાં ન આવે તો પાપ (મળ) નામનો દોષ દૂર થતો નથી. પોતાના કર્તવ્ય કર્મ ધર્મ અનુસાર કરવાથી ભગવાનની ભક્તિ થાય. બોલો, ભોજનમાં કેટલા હોય ? અને ભજનમાં કેટલા હોય ? ભગવાનનું નામ દેવામાં પૈસો દેવો પડતો નથી. છતાં સત્સંગમાં જઈ શકતા નથી.

**જીભલડી રે તને હરિગુણ ગાતાં
આવડું આળસ કયાંથી રે,
લવરી કરતાં નવરાઈ ન મળે
બોલી ઊઠે મુખમાંથી રે..
પરનિંદા કરવાને પૂરી શૂરી ખટરસ ખાવા રે,
ઝઘડો કરવા જાહેર ઝૂઝે
કાયર પ્રભુગુણ ગાવા રે,
પ્રભુગુણ ગાતાં દામ ન બેસે
એકે વાળ ન ખરશે રે,
સહેજે પંથનો પાર જ આવે,
ભજન થકી ભવ તરશે રે... જીભલડી....**

આપણને વાણી ભગવાને આપી છે પૈસો દેવો પડતો નથી. તો કેમ ભગવાનનું નામ લેવાતું નથી. જયાં સુધી મલિનતા છે ત્યાં સુધી ભગવાન ગમતા નથી. જેનું પેટ બગડયું હોય તેને ભોજન ભાવતું નથી. એમ જેનું અંતઃકરણ શુદ્ધ નથી ત્યાં સુધી ભગવાનનું નામ ગમતું નથી.

**પાપ અનેક જન્મના આવી મળ્યા રે,
તારી મતિ મલિન થઈ મંદ,
તેમ ભૂલી ગયો ભગવાનને રે....**

માટે અંતઃકરણ શુદ્ધ કરવામાં હંમેશા નિષ્કામ કર્મ કરવા જોઈએ. જેનું ચિત્ત શુદ્ધ થઈ ગયું હોય તેણે પરમાત્મા ને પ્રસન્ન કરવા માટે ભક્તિ કરવી. બધાનું સુખ છે તો કર્મ શા માટે કરવાનું ? પરોપકાર કરવા માટે કર્મ કરવા જોઈએ. ભગવાન કહે છે કે મારે ત્રણ લોકમાં કશું મેળવવાનું નથી. ત્રણ લોકમાંથી કોઈ વસ્તુ પ્રાપ્ત કરવાની બાકી નથી. ત્રણે લોકના પરમાત્મા માલિક છે. એટલે લક્ષ્મીની કંઈ જ ખોટ નથી. છતાં ભગવાન કહે છે કે હું કર્મ કરું છું. સૃષ્ટિનું સર્જન-પાલન-સંહાર કરવો એ ભગવાનના હાથમાં છે. ભગવાન કહે છે કે હું કર્મ ન કરું તો મારી પાછળની પેઢી આળસી બની જાય એને માટે હું કર્મ કરું છું. માટે કર્મ છોડવાની જરૂર નથી. મનુષ્ય શરીર જેટલા છે તે બધા સુવાના છે અને ઊંઘવાના છે. પશુયોની અંધકાર યોનિ છે.

આમેય કોઈ માનવ પર વિશ્વાસ કરતું નથી. પશુ પક્ષી પર વિશ્વાસ કરે છે પણ આજે ભાઈ ભાઈમાં પતિ પત્ની પર વિશ્વાસ હોતો નથી. એક વખત રાજા મૃગલા ખેલવા ગયા. જંગલમાં જોત જોતામાં અંધારું થઈ ગયું. એટલે રાજા ઝાડ પર ચડી ગયા. તો ઝાડ પર વાંદરો સૂતો હતો. રાજા કહે આપણે બંને સાથે ઝાડ

પર રહીએ એટલે આપણી વચ્ચે મિત્રતા બંધાઈ. તો આપણે વારા ફરતી એક બીજાની ચોકી કરીએ. જેથી કોઈ હિંસક પ્રાણી આપણને ખાઈ ન જાય. એટલે રાજા કહે હું આખો દિવસ થાક્યો છું એટલે વાંદરાભાઈ તમે જાગો પછી રાજા સૂઈ ગયા. મધ્ય રાત્રી થઈને ત્યાં સિંહ આવ્યો. સિંહે જોયું તો રાજા ઉંઘે છે. એટલે વાંદરાને કહ્યું તું આને ધક્કો માર. તો વાંદરો કહે અમે બંને મિત્ર છીએ એટલે મારાથી ધક્કો મરાય નહીં. એટલે સિંહ જાતો રહ્યો. ફરીથી મોડી રાત્રે વાંદરો કહે હું સુઈ જાવ છું. હવે તમે જાગો. વાંદરો સૂઈ ગયો ને ફરીથી સિંહ મોડી રાત્રે આવ્યો. માનવ જાગતો હતો એટલે સિંહ કહે હે માનવ તું વાંદરો ધક્કો માર. રાજાએ વિચાર્યું કે સિંહને ખાવાનું નહીં મળે તો સિંહ ખીજાશે અને દિવસે કોઈ દિવસ મને મારશે એટલે રાજા ધીરે ધીરે વાંદરા પાસે ગયો અને ધક્કો માર્યો પણ વાંદરો નીચેની ડાળીએ લટકી ગયો. એટલે વાંદરો બચી ગયો. વારદરો કહે ધક્કો મને કોણે માર્યો. સાચે સાચુ બોલી જાવ. એટલે રાજા કહે મને સિંહે કહ્યું તું ધક્કો માર તો હું તને છોડી દઈશ. આમ વાંદરાને માણસે વિશ્વાસઘાત કર્યો. તેથી આજે માણસ પર કોઈ વિશ્વાસ કરતું નથી. અંતઃકરણ શુદ્ધ કરવા માટે કર્તવ્ય કર્મ કરવું જોઈએ. ભગવાન કહે આળસી રહેવાની જરૂર નથી આળસ એ માનવનો મોટામાં મોટો શત્રુ છે. વહેલા ઊઠીને ભગવાનના નામ લેવાનો આનંદ લેવો છે. પણ શું નડે છે ? તો આળસ નડે છે. માટે જીવનમાં હંમેશા ત્રણયોગ કરવા જોઈએ.

## બાળ કેળવણી

લવજીભાઈ કે. સવાણી
(નવા નાવડા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

ભાગ-૨,

બાળકનું હૃદય અને મન કોમળ છે, તેથી તેની કોમળતાને પોષક એવાં તત્ત્વો જો એના હૃદય મનમાં પ્રગટાવવામાં આવે તો એ મોટું થઈને દુનિયાને કોમળતા શીખવે છે. આજની મુશ્કેલભરી સ્થિતિમાં બાળકો જ આપણું ભવિષ્ય છે. એને મદદગારીના અને સહાનુભૂતિના પાઠ શીખવીશુ તો આપણું આ જગત સુરક્ષિત રહેશે. કેમ કે સુરક્ષા મેળવવા માટે સુરક્ષા કરવી પડે છે અને આ ભાવના કોમળતા સિવાય આવતી નથી. આ સાંભળો..

એક નાની બાળા નિશાળેથી ઘરે આવતી હતી ત્યારે એક રમકડાની દુકાનેથી ઢીંગલી ગમી એટલે લીધી. રસ્તામાં બેહાલ પહેલા એક ભિખારીને જોયો. તે ભિખારીને પૂછતાં ભિખારી કહે, બહેન હું ત્રણ દિવસથી ભૂખ્યો છું. બાળાએ ઢીંગલી પાછી આપી, દુકાનદાર પાસેથી પૈસા પાછા લઈને તે ભિખારીને ખાવા માટે આપી દીધા. ભિખારીએ આંખમાં આંસુ વહાવીને કહ્યું, મારી આંતરડી ઠારી. તમે મોટાં થઈને મહારાણી થશો, તમારી ઉદારતાથી મારું પેટ ભરાયું છે અને ખરેખર એ મહારાણી વિકટોરિયા થયાં.

બાળકની અંદર કયું બીજ રોપવું એ મા-બાપે નક્કી કરવાનું છે, કારણ કે એ એવી જમીન છે, જેમાં પાક લહેરાવાની સો ટકા શક્યતા છે. બાળકને નાનપણથી જ સ્વપ્ન જોતાં કંઈક બનવાની, કંઈક કરવાની ઊંડી ઈચ્છા-ઉત્કટ ઝંખના શીખવવામાં આવે તો પરિણામ આશાસ્પદ રહે છે. બાળકોમાં આ અદમ્ય ઈચ્છા જગાવવાનું શિક્ષણ આપવું જોઈએ.

શ્રી અબ્દુલ કમાલ આઝાદને સૌ ઓળખે છે. એક સભામાં તેમને પૂછવામાં આવ્યું કે, શિક્ષણનું ઉત્તમકાર્ય કયું ? તેમણે કહ્યું કે, શિક્ષકનું ઉત્તમ કાર્ય વિદ્યાર્થીઓને સ્વપ્ન જોતા શીખવવાનું છે. જો વિદ્યાર્થીઓ સ્વપ્ન નહી જુએ તો તે આગળ નહીં વધી શકે. સ્વપ્ન જ માણસને પોતાનું ભવિષ્ય રચવાની શક્તિ પૂરી પાડે છે. જે સ્વપ્ન નથી જોતાં તે પીળું પાંદડું થઈ ખરી પડે છે. સ્વપ્ન માણસને લીલો રાખે છે. બાળકને એના મા-બાપે જ સ્વપ્નો પૂરાં પાડવાં જોઈએ, જેથી શિક્ષક એમાં રંગો પૂરી શકે.

(ક્રમશ)

# નિ:શ્રેયસ પ્રાપ્તિ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

ચોરાશી લાખ યોનિયોમાં મનુષ્ય જન્મ છે. તે ઉત્તમ જન્મ છે. પરંતુ ઉત્તમ કયારે કહેવાય કે જયારે ઉત્તમ દ્વારા ઉત્તમની પ્રાપ્તિ કરી શકાય ત્યારે સંપૂર્ણ સંસારમાં ઉત્તમ માં ઉત્તમ હોય તો એક પરમાત્મા જ છે. બીજુ કાંઈ સંસારમાં ઉત્તમ નથી આ બધો સંસાર દેખાય છે. તે નાશવંત છે. તેમાં ગમે તેટલું પ્રાપ્ત કર્યુ હશે છતા તે અન્તે કાઈ કામનું નથી. એટલે પ્રીતમદાસજી કહ્યું છે કે

**અન્તે નહી કોઈ કામનું પ્રભુનું લેને નામ,**
**મારગ વહે છે ઉતાવળો કોઈ આજ કોઈ કાલ...**
**...સાંભળ શુધ્ધ ચિત્તે કરી....**

આપડે વિચાર કરવો જોઈએ કે અનન્ત કાળથી આપડે જન્મ મરણ આદી જે મહાન દુઃખો છે. તે આપડે ભોગવતા આવ્યા છીએ અને તેમાંથી મુક્ત થવાનો જો સુંદર અવસર હોય તો આ મનુષ્ય જન્મ જ છે. ભલે મનુષ્ય દેહ નાશવંત હોવા છતાં તેના દ્વારા શાશ્વતની પ્રાપ્તિ થઈ શકે છે. એટલે ભજનમાં કહ્યું છે કે

**સજની ટાણું આવ્યું રે ભવજળ તરવાનું,**
**મોંઘો મનખો નહીં આવે આવો લ્હાવો.**

જેમ સંસારમાં પૈસા કમાવા માટે આપણને જેટલો ઉત્સાહ છે. એટલો જ ઉત્સાહ પરમાત્મા રૂપ થવા માટે હોવો જોઈએ જેટલો ઉત્સાહ હશે તેટલું જ કામ આપડું સારું અને જલદી થાય છે. અરેભાઈ ઉત્સાહ વગરનું તો જીવન જ નકામું જ છે. જો એકવાર બ્રહ્મરુપ થયા તો પછી કયારેય આદુઃખ સયી સંસારમાં પાછું આવવું પડતું નથી. એટલે પ્રીતમ દાસજીયે ભજનમાં કીધું છે કે...

**જેમ સરીતા સાગરમાં જઈ ભળે,**
**તેનું નામ નદી ટળી જાય બ્રહ્મરસ પીજીયે...**

જેમ નદીયો સમુદ્રમાં ભળે એટલે સમુદ્ર રુપ બની જાય છે. તેમ જો આપડે જ્ઞાન પ્રાપ્ત કરીને પરમાત્માને જાણી લીધા તો આપડે પરમાત્મારુપ બની જઈએ છીએ. આપડે જ પરમાત્મા બની જઈએ છીયે ખરેખર આત્મા અને પરમાત્મામાં કોઈ ભેદ નથી પરંતુ જયા સુધી અજ્ઞાન છે. ત્યાં સુધી જ ભેદ છે અને તે અજ્ઞાન ને હટાવા માટે અને બ્રહ્મ પ્રાપ્ત કરવા માટે જ મનુષ્ય જન્મ છે. મનુષ્ય જન્મમાં જ જ્ઞાન પ્રાપ્ત કરી પરમાત્માને જાણી શકાય છે. એટલે પ્રીતમદાસજીએ ભજનમાં કીધું છે કે,

**આ અવસરમાં પ્રભુને ઓળખો,**
**જ્ઞાન પામવા તત્પર થાજે જો,**
**ચુક્યો તો ચોરાશીમાં પડયો,**
**એવું જાણી પ્રભુ ગુણ ગાજે જો,કે આ અવસરમાં...**

મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને હજારો કામ સુધાર્યા પરંતુ મોક્ષ રુપી એક કામ ન સુધાર્યું તો તે હજારો કામો બગડેલા જ છે. પરંતુ હજારો કામ બગાડી એક કામ મોક્ષરુપી સુધાર્યું તો તે હજારો કામ સુધરેલા જ છે. મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી સંપૂર્ણ સંસારમાં જે જાણવા જેવું હતું તે જાણ્યું પરંતુ પંમાત્મા ન જાણ્યા તો તેણે કાઈ જાણ્યું નથી પરંતુ એક પરમાત્માને જાણી લીધા તો પછી તેને કાઈ જાણવાનું બાકી રહેતું નથી. સંપૂર્ણ સંસારમાં જે માણવા જેવું હતું તે માણ્યું પરંતુ પમાત્માને ન માણ્યા તો તેનું માણવાનું વ્યર્થ છે. કારણ કે પરમાત્મા છે. તે સંપૂર્ણ સંસારના માલિક છે. આ સંસારમાં જે બધું છે. તે પરમાત્માનું જ છે. માટે જો આપડે પરમાત્મા રુપ થઈ જાઈએ તો પછી આપડે કાઈ મેળવવાનું રહે નહીં આપડું જ છે. આ મનુષ્ય જન્મ રુપી આપડા હાથમાં બાજી આવી છે. તેને આપડે હારવી જોઈએ નહી એટલે પ્રીતમ દાસજીએ કહ્યું છે કે...

**લલ્લા લે તું આતમ લ્હાવ,**
**ફરી ફરી નહિ આવે દાવ,**
**જીતી બાજી હારીશ નહીં,**
**સમજુને શિખામણ કહીં,**
**હવે ન ચૂકીશ આવ્યો દાવ,**
**લલ્લા લે તું આતમલ્હાવ,**

જો આવેલી હાથમાં બાજી આપડે હારી ગયા તો અન્ત સમયે પસ્તાવા સિવાય બીજો કોઈ ઉપાય નથી તેમજ મહાન મોટું નુકશાન જ છે. એટલે કેનોપનિષદ્ શ્રુતિ કહે છે કે...

**ઈહ ચેદવેહીદય સત્યમસ્તિ**
**ન ચેદિહાવેદીન્મહતી વિનષ્ટિઃ ।**
**ભૂતેષુ ભૂતેષુ વિચિત્ય ધીરાઃ**
**પ્રેત્યાસ્માલ્લોકાદમૃતા ભવન્તિ ॥**

આ દેવોને દુર્લભ એવું મનુષ્ય શરીર પ્રાપ્ત કરીને જે પરમાત્માને જાણી લે છે. તે બહું સારામાં સારું કાર્ય છે અને આ મનુષ્ય શરીર પ્રાપ્ત કરીને જે પરમાત્માને નથી જાણતા તે મોટામાં મોટો વિનાશ છે. આવુ જાણીને ધીર (બુધ્ધિમાન) પુરુષો છે. તે સ્વાવરજંગમ રુપ સર્વ ભૂતોમાં એક આત્મ તત્ત્વ જાણીને સર્વાત્મ ભાવ પામીને મરણ રહિત થઈ જાય છે. "સ યો હ વૈ તત્પરમં બ્રહ્મ વેદ બ્રહ્મૈવ ભવતિ ॥" (જે તે પ્રસિદ્ધ પરબ્રહ્મને જાણે છે. તે બ્રહ્મ જ થાય છે.) એ શ્રુતિ પણ બ્રહ્મને જાણનારને બ્રહ્મ ભાવની પ્રાપ્તિ કરે છે.

ક્રમશઃ

# વૈરાગ્ય કે આસક્તી

રમીલાબેન એલ. માંગુકીયા
(દડવા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય મહામંડલેશ્વર સદ્ગુરૂદેવને મારા સાક્ષાત્ દંડવત્ પ્રમાણ....

જયશ્રી સચ્ચિદાનંદ...

વૈરાગ્ય માણસમાં ત્યારે જ આવે જયારે તેને સંસારના સંપૂર્ણ પદાર્થોમાં આસક્તિ ન રહે, તે સંપૂર્ણ પણે આસક્તિઓમાંથી મુક્ત થઈ જાય. તેને કોઈ પણ પ્રકારની વસ્તુ, સત્તા, લોકવાસનામાં પોતાનું ધ્યાન ન રહે અને વળી અભિમાન, ઘમંડ ન રહે તોજ તે સંપૂર્ણ પણે વિરક્ત બની શકે છે.

તે માટે આપણે એક ભતૃંહરી રાજાનું દ્રષ્ટાંત જોઈએ તો આ પ્રમાણે છે.

**દ્રષ્ટાંત :–** રાજા ભર્તૃંહરીએ વૈરાગ્ય દીક્ષા લઈ લીધી વિશાળ રાજપાટ, વૈભવ વિલાસ અને સુખ સમૃદ્ધિનો પરિત્યાગ કરી સન્યાસીનો વેશ ધારણ કરી લીધો. વૈરાગ્ય શિરોમણી ભગવાન શિવજી પાર્વતીજી સાથે આકાશમાં ભ્રમણ કરી રહ્યા હતા. પાર્વતીએ આ દ્રશ્ય જોયું એટલે તેમના મુખમાંથી ભર્તૃહરી માટે પ્રશસ્તિના શબ્દો સરી પડયા. 'વાહ ! કેવો અદ્ભૂત વૈરાગ્ય ભાવ ! ભર્તૃહરી મહારાજે કેટલી વિશાળ સંપત્તિ અને સત્તા છોડી દીધી' ભગવાન શિવજીએ પાર્વતીને કહ્યું 'ઘણો બધો ત્યાગ કર્યો, પણ હજુ બધો ત્યાગ નથી ! હજુ થોડો બાકી છે. ધ્યાનથી જુઓ હજુ તેમના પાસે શું છે ?'

પાર્વતીએ ધ્યાનથી જોયુ તો ભર્તૃહરી પાસે હજુ ત્રણ વસ્તુઓ હતી. એક હતુ જલપાત બીજુ હતુ ઓશીકુ અને ત્રીજુ હતુ તેનો હાથનો પંખો. આ ત્રણ વસ્તુઓ સાથે રાખીને જ તે સાધના કરતા. પોતાના જલ પાત્રમાં જ તે પાણી પીતા સૂતા તો પણ તેનું ઓશીકુ જ માથા નીચે રાખીને જ સૂતા. સાધના આગળ વધી. વૈરાગ્ય ભાવ વધારે પૃષ્ટ થવા લાગ્યો. ધીમે ધીમે સાથે રાખેલી એ વસ્તુઓની આસક્તિ પણ ઘટવા લાગી. સૌથી પહેલા પંખાની આસક્તિ છુટી. ખુલ્લી હવામાં રહેવા ટેવાયા એટલે કૃત્રિમ પંખાથી હવા નાખવાની ટેવ છૂટી ગઈ. શરીર કુદરતી હવાથી ટેવાય ગયું એવું લાગ્યું એટલે પંખાથી હવા નાખવાની ટેવ છૂટી ગઈ. એવું લાગ્યું એટલે ભર્તૃહરીએ પંખો છોડી દીધો. એ પછી એમને લાગ્યું કે ભગવાને આ બે હાથ આપ્યા છે એને માથા નીચે રાખવામાં આવે તો ઓશીકાની ગરજ સારી શકે છે. પછી દરેક જગ્યાએ આ ઓશીકાને સાથે લઈને ફરવાની શી જરૂર છે ? એટલે ઓશિકાનો પણ ત્યાગ કરી દીધો થોડા સમય પછી એક માત્ર બાકી રહ્યું એક જળપાત્ર એ પણ ભાર રૂપ લાગવા લાગ્યું. જંગલમાં અનેક જગ્યાએ ઝરણા અને નદીઓ મળી રહે છે અને જળપીવા માટે આ બે હાથ ભેગા કરી હથેળીઓની અંજલી ભરી જળ પીય શકાય છે. તો જળપાત્રની જરૂર જ શી ? એવું વિચારી ભર્તૃહરી એ છેલ્લી વસ્તુ પણ છોડી દીધી.

ભગવાન શિવજી અને પાર્વતી એમનું નિરીક્ષણ કરતા જ હતા આ બધી વસ્તુઓ છોડી દીધી એ જોયા પછી પાર્વતીએ શિવજીને કહ્યું- 'જોયું ને નાથ ? હવે તો ભર્તૃહરીનો નો ત્યાગ પૂરો થયોને ?' શિવજીએ કહ્યું-ના હજી બાકી છે. શું થાય છે. તે જોયા કરો ભર્તૃહરી ભીક્ષા માટે નિયમીત રીતે નગરથી ગામ જતા હતા. પહેલા તો તેને ભિક્ષા સહેલાઈથી મળે તેવી જગ્યાએ રહેતા. પછી ધીમે ધીમે પરિસ્થિતિ બદલાઈ તે સ્મશાનમાં રહેવા લાગ્યા.

**''સ્મશાનેષ્વાક્રીડા સ્મરહર ! પિશાચા સહચરા;**
**ચિત્તા ભસ્મા લેપ; સ્ત્રગપિનૃં કરોટી પરીકરઃ ।**
**અ મંગલ્યં શીલં તવ ભવતુ નામૈવ મખિલ;**
**તથાપિ સ્મતૃણા વરદા પરંમ મંગલમસિ ॥''**

(શ્લોકાર્થ)

હે કામનાઓના નાશક સ્મશાનોમાં આનંદથી રમવું ભૂત-પ્રેતોની દોસ્તી શરીર પર બળેલા શવની રાખનો લેપ મનુષ્યોની ખોપડીઓની માળા અને ગજચર્મ આદી આપની સંપત્તિએ પ્રકારની આ સંપૂર્ણ રહેવાની રીત અ મંગલકારી ભલે લાગે; તો પણ હે સર્વકામનાઓને પૂર્ણ કરનારા ! આપનું સ્મરણ કરનારાઓ માટે તો આપ નિરતિશય મંગલરૂપ મોક્ષપ્રદ છો.

જે રીતે પરમાત્માનું સ્મરણ કરી શકાય. એમ કહી સ્મશાનમાં રહેવા લાગ્યા ભિક્ષા માટે કયાંય જતા પણ નહીં. નસીબ સંજોગે જે ત્યાં આવી મળે તેનાથી ભોજન કરી લેતા. કશુંય ખાવાનું ન મળે તોય સ્મશાન છોડીને બીજે કયાય જના નહીં.

એકવાર અગ્યાર દિવસ સુધી કોઈ આહાર મળ્યો નહીં. ભર્તૃહરીને આસક્તિનો અનુભવ થયો. એમણે વિચાર્યુ ભોજન નહીં મળે તો હવે આ શરીર છૂટી જશે. મારે માટે કંઈક કરવું જોઈએ. દૂર જવાની તાકાત જ નહોતી. મડદાના હાથમાં મૂકેલા પિંડ સિવાય બીજું કંઈ મળ્યું નહીં. ચિતાની આગમાં એ પિંડની રોટલી બનાવી શેકવા લાગ્યા. પાર્વતી શિવને કહેવા લાગ્યા મને લાગે છે કે ભર્તૃહરીનો વૈરાગ્ય હવે પરિપક્વ થઈ ગયો ગણાય. શિવજીએ કહ્યુંના હજી નથી થયો. ચાલો હું તમને પ્રત્યક્ષ બતાવુ. શિવજી પાર્વતીને લઈને વૃદ્ધ બ્રાહ્મણ-બ્રામણીનું રૂપ ધારણ કરીને આવ્યા ભર્તૃહરી જેવા પેલી ચિતા પર શેકેલી રોટલી ખાવા જતા હતા ત્યા પેલા બ્રાહ્મણે પોતાનું ભિક્ષા પાત્ર આગળ ધરી દીધું. ભર્તૃહરીએ સહજ ભાવે તે વૃદ્ધ બ્રાહ્મણ સામે જોયું અને તેના ભિક્ષા પાત્રમાં એ રોટલીઓ મૂકી દીધી. પછી કેવળ પાણી પડ્યું હતું તે ઉઠાવી પાણીથી જ ભૂખ મિટાવવાનો પ્રયાસ કર્યો બ્રાહ્મણ વેશ ધારી શિવજી બોલી ઉઠયા 'રોટલી ખાઈને પાણી ક્યાં પીવા જઈશું ? આ પાણી પણ મને આપી દો !' ભર્તૃહરીએ એ પાણી પણ વૃદ્ધ બ્રાહ્મણને આપી દીધું.

બ્રાહ્મણના રૂપમાં પાર્વતીએ શિવજી તરફ પ્રશ્ન વાચક દ્રષ્ટિપાત કર્યો. જો કે પૂછતા હતા - 'હવે તો વૈરાગ્ય પરિપક્વ થઈ ગયો છે ને ! હજી કાંઈ બાકી તો નથી ને ?' ભર્તૃહરીએ તેના હાવભાવ જોયા એટલે પૂછ્યુ - તમે આંખના ઈશારાથી શું વાત કરી રહ્યા છો ? બ્રાહ્મણે કહ્યું - 'એ કહે છે કે બિચારાનું બધુ ભોજન લઈ લીધું તો એને તકલીફ થશે એટલે એને અડધુ પાછું આપી દો આપણે તે અડધાથી કામ ચલાવી લઈશું ? આ સાંભળી ભર્તૃહરીની ભ્રમરવાંકી થઈ ગઈ અને કહેવા લાગ્યા તમે મને ઓળખતા નથી મારા વીશે શું જાણો છો ? હું રાજા ભર્તૃહરી છું. મે આટલા માટે સામ્રાજયનો અને વૈભવનો ત્યાગ કર્યો છે. તો આ રોટલીનો ત્યાગ નહી કરી શકું !

શિવજી પાત્ર ત્યાં જ રાખીને અંર્તધ્યાન થઈ ગયા. રસ્તામાં તેમણે પાર્વતીને કહ્યું - દેવી, "જોયુ ને ? ભર્તૃહરીને વસ્તુની આસક્તિ તો હજુ રહેલી જ છે. પોતે મોટા ત્યાગી છે એનું અભિમાન પણ હજુ એટલું જ છે. તો એમનો પૂરો વિરક્ત કેવી રીતે કહી શકાય ?"

આમ, શિવજીએ પાર્વતીને કહ્યું કે એનામા વૈરાગ્યની ભાવના હજુ જાગ્રત થઈ જ નથી. તેમનું મન તો હજુ આસક્તિઓમાં ભટકયા જ કરે છે. જે માણસ બધુ જ ત્યાગી દે એટલે તેનું નામ માન, અભિમાન, વાસના, બધાનો ત્યાગ કરી સંપૂર્ણ પણે બ્રહ્મચારી જીવન ગુજારે તો જ તેને વૈરાગ્ય લાગ્યો કહેવાય અને વૈરાગ્ય મોક્ષનો મારગ બને છે. પરંતુ તેને થોડીવાર પણ આસક્તિ લાગે કે અભિમાન આવે તો તેને પૂરી રીતે વૈરાગ્ય આવ્યો ગણાય જ નહીં અને જો સંપૂર્ણ પણે વૈરાગ્ય લાગે તો જ તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે અને મને મળી શકે છે. પરંતુ ભર્તૃહરી રાજામાં હજુ એના નામનું એના અભિમાન છે. તેને હજુ પોતે એક આત્મા છે તે તો તેના શરીરના અભિમાનમાં હું ને મારા અહંકારમાં જ રચ્યા છે તેને હજુ આત્મા પરમાત્માનું ભાન નથી.

## જીવ અને શિવનું મિલન

વિભુતી વી. દવે
બરોડા

જીવ અને શિવનું સાચુ મિલન કોને કહેવાય જ્યારે જીવ (આત્મા) શિવરૂપી બની જાય છે. ત્યારે મનુષ્યરૂપી આત્મા (શિવ) રૂપ બની જાય છે.

આપણા વેદોમાં શાસ્ત્રોમાં ગીતામાં કુરાનમાં બાઈબલમાં બધામાં જ વારંવાર કહેવામાં આવ્યું છે કે આત્મા એ જ પરમાત્મા છે. તમે તમારી અંદર જ ભગવાન રૂપી આત્માને ઓળખો. પણ ક્યાં આપણા રોજીંદા જીવનમાં આ વસ્તુ બધા કરી શકે છે ? કારણ કે અત્યારે કળીયુગ છે. ભાઈ-ભાઈનો નથી. દિકરો માતા-પિતાનો નથી. મિત્ર-મિત્રથી જ દગો કરે છે. સંગા સીવ સ્વાર્થના છે. આમ બધી જ વાતો કરવા કરતા કયારેય કોઈએ એમ વિચાર્યુ કે પોતે ધર્મની શરૂઆત કરશે તો તમારા સંતાનો-સગાવ્હાલા-મિત્રો પડોશી સર્વ તામરા સહાયક બનશે.

દરેકના જીવનમાં સહાયક બનો. સારૂં ના કરી શકો તો ખોટા માટેના વિચારો તમારી કોઈ પણ કારકિર્દી ભગવાનથી અંજાન નથી તે સર્વ વ્યાપક છે. તે બધી જ જગ્યાએ તમારૂં ધ્યાન રાખે છે. મનુષ્ય ભુખ્યો ઉઠે છે. ભગવાન તેને કયારેય ભૂખ્યો સુવા નથી દેતો. પણ આનો મતલબ એ નથી કે ભગવાન આપે છે. તો તેના નામથી બેસી રહેવું કે ભગવાન મને જમાડીને જ સુવડાવશે. તેના માટે તમારે પુરુષાર્થ કરવો પડે છે.

# સંત સંગનો મહિમા

રણછોડભાઈ અઘેવાડા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

એક વખત નારદજી વૈકુંઠમાં ગયા વિષ્ણુ ભગવાનને પ્રણામ કરીને પૂછયું ભગવાન મને સંત સંગનો મહીમા શું છે. તે બતાવો ત્યારે ભગવાને કહ્યું કે ભાવેણા નગરી છે. ત્યાં જશોનાથ મહાદેવ મંદિર છે. મંદિરની બાજુ વડ છે. વડ નીચે છાણનો પોદળો પડયો છે. તેને તમે વિખશો એટલે તમને સંત સંગનો મહિમા સમજાશે નારદ તુરત ભાવેણા આવ્યા અને મહાદેવના મંદિર પાસે ગયા ત્યાં વડ નીચે જોયું તો પોદળો પડયો હતો તેને જોયો અને સળી લઈને વિખ્યો તેમાંથી એક ઈળો નીકળ્યો ઈળાને બહાર કાઢતા ઈળો મરી ગયો એટલે નારજીને થયું કે મારા હાથે પાપ થયું પછી નારદ ભગવાનની પાસે ગયા અને ભગવાનને કહ્યું કે ભગવાન તમે મારા હાથે પાપ કરાવ્યું કે પોદળો વિખતા તેમાંથી ઈળો નીકળતા તે મૃત્યુ પામ્યો તો મને કાય સમજાયું નહી. ત્યારે ભગવાન કહે છે કે ત્યાં જે વડ હતો. તેની ઉપર પોપટનો માળો છે. તેમાં પોપટનું બચ્ચું છે. તે તમને સંત સંગનો મહિમા સમજાવશે. ત્યારે નારદજી પાછા વડની પાસે આવ્યા વડની ઉપર ચડીને પોપટના માળામાંથી પોપટના બચ્ચાને હાથમાં લઈ લીધુ કે તરત જ બચ્ચું મરી ગયું ત્યારે નારદજી પાછા ભગવાન પાસે ગયા ભગવાન મારે સંત સંગનો મહીમાં જાણવો નથી. તમે મારા હાથે પાપ કરાવો છો, પોપટનું બચ્ચું પણ મારા હાથમાં આવતા જ મૃત્યું પામ્યું ભગવાન કહે છે કે ત્યાં ગૌશાળા છે. ત્યાં ગાયને વાછરડું જન્મયું છે. તે તમને સંત સંગનો મહિમા બતાવશે. ત્યારે નારદજી ભગવાનનાં કહ્યાં પ્રમાણે ગૌશાળામાં ગયા. ત્યાં વાછરડા ઉપર હાથ મુંકતા વાછરડું મૃત્યું પામ્યું ત્યારે નારદજીને થયું કે ભગવાને મારા હાથે ગૌ હત્યા પણ કરાવી. હવે મારે ભગવાનને કહેવું છે કે તમે મારા હાથે પાપ શા કારણે કરાવો છો. નારદજી ભગવાન પાસે આવીને ભગવાન ને કહેવા લાગ્યા કે હે ! પ્રભુ મારે સંતસંગનો મહીમા જાણવો નથી. ત્યારે ભગવાન કહે છે. કે તમે ભાવેણા જાવ અને ત્યાં રાજાને ઘરે રાજકુંવરનો જન્મ થયો છે અને રાજ કુંવર તમને સંતસંગનો મહીમા સમજાવશે. ત્યારે નારદજી ભગવાનને કહેવા લાગ્યા કે હું રાજાને ત્યાં જાવ અને રાજકુંવરનું મૃત્યું થાય તો મને રાજા ત્યાં જ મારી નાખે એટલે હવે મારે ત્યાં જવું નથી. ભગવાન કહે છે કે નારદજી તમે ત્યાં જાવ હવે તમારા હાથે ત્યાં શુભ કાર્ય થશે. નારદજી ભાવેણા નગરીમાં આવે છે અને ભાવેણામાં રાજાને ત્યાં રાજકુંવરના જન્મનો ઉત્સવ ચાલતો હતો ત્યાં આવતા જ રાજા નારદજીને જોઈને ખુશ થઈ ગયા કે મારા ઘરે નારદજી જન્મ ઉત્સવમાં પધાર્યા છે. તો મારા રાજકુંવરને નારદજીના આશીર્વાદ મળશે. રાજકુંવરને નારદજીના હાથમાં આપ્યા અને રાજા કહે છે. નારદજી મારા બાળકને આશીર્વાદ આપો. હાથમાં આપતા જ બાળક હસી પડયો અને બોલી ઉઠયો. હે મહારાજ તમારે સંતસંગનો મહિમા જાણવો છે ને તો હું તમને સંતસંગનો મહિમાં સંભળાવું તો તમે સાંભળો કે હું એક નરકનો કીડો હતો અને મારા પાપ કર્મથી મને નરક મળ્યું હતું પણ તમારા સંગથી મનેએ યોનીમાંથી મને મુક્તિ મળી ગઈ એટલું જ નહી પણ બીજો જન્મ મારો પંખીની યોનીમાં થયો અને પંખીમાં સર્વે શ્રેષ્ઠ પોપટનો કહેવાય છે અને ત્યાં મારો જન્મ થયો પછી ફરીને તમારો સ્પર્શ થયો એટલે હું તે યોગીમાંથી મને મુક્તિ મળી ગઈ અને ફરી પાછો મારો જન્મ પશું યોનીમાં થયો અને પશું યોનીમાં સર્વ શ્રેષ્ઠ ગાયનો ગણાય છે. ગાયને પેટે મારો જન્મ થયો. ત્યાં તમારો સંગ થવાથી મને મુક્તિ મળી ગઈ. પછી હવે ચોર્યાશી લાખ યોનીમાં મનુષ્ય યોની સર્વે શ્રેષ્ઠ ગણાય છે. તેમાં પણ રાજાને ત્યાં મારો જન્મ થયો. હે ! મુનીવર આ છે સંતસંગનો મહિમા...

સંતસંગનો મહિમા અપરંપાર છે અને કેવા સંતથી મુક્ત થવાય તે પણ જાણવું જરૂરી છે. જે સચ્ચિદાનંદનું સ્વરૂપ હોય નિત્ય સચ્ચિદાનંદનું ભજન હોય તેવાં સંતના સંગથી અધમ કોટીના જીવનું નરકના કીડાનું પણ કલ્યાણ થાય છે. તો આવા સંતોના સંગથી તાપપાપ બળે છે. સંતને મઠ કે મંદિરની જરૂર નથી. તેવા સંતો મુક્ત હોય છે. ચલતા સાધુ ઓર બહેતા પાની હંમેશા માટે નિર્મળ હોય છે. આવા સંતોના સંગથી ભવસાગર તરી જવાય છે.

રજૂ. કેશવભાઈ ગીગાભાઈ ભરોડિયા
(પાલડી)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા સુરત મુકામે તા.:- ૩, જાન્યુઆરી ૨૦૧૫ શનિવારે કરેલ પ્રવચનામૃત**



પ્રિય સજ્જનો,

અનન્ત શક્તિ સંપન્ન પર બ્રહ્મ પરમાત્માની મહતી અનુકંપાથી આપણને મંગળમય માનવ જન્મ મળ્યો છે. મંગળમય માનવ જન્મમાં અનેક પ્રકારનો લાભ મળી શકે છે. તેમાં સૌથી શ્રેષ્ઠ લાભ ક્યો ? તો શાસ્ત્રોમાં તો કહ્યું છે,

ब्रह्म लाभात् परो लाभो नास्ति नास्ति न किश्चन् ॥
स लाभ येन दत्तो हि स गुरु वृद्धः सज्ञकः ॥
(બ્રહ્મગીતા)

'ब्रह्म लाभात परो लाभो' બ્રહ્મ લાભથી શ્રેષ્ઠ લાભ બીજો કોઈ નથી. બ્રહ્મ લાભ એ જ સૌથી ઉત્તમ અને શ્રેષ્ઠ લાભ છે. એક તરફ સંસાર કે માયાથી બનેલા પદાર્થો અને એક તરફ બ્રહ્મ છે. તેમાં સારું શું ? મોટા ભાગે બ્રહ્મ તરફ કેટલા છે અને માયા તરફ કેટલા છે ?......માયાના પદાર્થો ભલે ગમે તેટલા મળે પણ માયાના પદાર્થો ક્યાં સુધી ? માયાનું સુખ ક્યાં સુધી ? માયાનો અર્થ જે ન હોય છતાં દેખાય તે માયા. શાસ્ત્રોમાં માયાને અનિર્વચનિય કહી. જેનું વર્ણન થઈ શકે નહીં. સંતોએ તો કહી દીધું કે-

**અટપટી ત્રિગુણી માયા પ્રભુની,**
**સાચા શરણથી સમજાય,**
**ગુરુથી ઈશ્વરી જ્ઞાન થાય તો,**
**જમના દાસ જણાય રે,**
**પ્રભુ ખેલે અકેલા અજબ છે લીલા,**
**ગહન ગતિ ન કળાય.**

કેમ કે માયાને તમે સાચી ન કહી શકો અને ખોટી પણ ન કહી શકો. સાચી કેમ ન કહેવાય ? જે સાચું હોય તેનો નાશ ન થાય અને સાચી વસ્તુ હાથમાં આવે જ્યારે માયા હાથમાં આવતી નથી અને ખોટી વસ્તુ સસલાના શિંગડાની જેમ દેખાય નહી જેમ ઝાંઝવાનું જળ દેખાવા પૂરતું છે એમ માયા સાચી નથી ને ખોટી પણ નથી તે અનિર્વચનીય છે. એ માયાનું સુખ કેવું લાગે છે ? ગમે છે શું બધાને ?

**માયા મીઠી મીસરી ખાંડસી,**
**મૂરખ માંખ થઈને વળગ્યો જો**
**તન તુટે પણ તે છૂટે નહિ,**
**મૂઢ મરે પણ ન રહે અળગો જો;**
**પ્રપંચ મૂકો મારા પ્રાણિયા**

તો એક તરફ માયાનું સુખ છે અને બીજી તરફ પરમાત્માનું સુખ છે તો મોટા ભાગે ક્યા સુખ માટે મહેનત કરતા હશે ?..... વેદોમાં એક લાખ મંત્રો છે તેમાં ૮૦% મંત્રો એટલે કે ૮૦,૦૦૦ મંત્રો કર્મકાંડના છે. ૧૬,૦૦૦ મંત્રો ભક્તિ પરક છે અને ૪,૦૦૦ મંત્ર જ્ઞાન કાંડના છે. એટલા માટે ગીતાના ૭માં અધ્યાયમાં કહ્યું-

**બહુનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ।**
**વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ ॥ ૧૯ ॥**

એક જન્મ નહિ, બે જન્મ નહિ, બહુ જન્મને અંતે જ્ઞાન પ્રાપ્ત કરી મને પ્રાપ્ત થઈ શકે. મારા રૂપને પ્રાપ્ત થઈ શકે છે તો કેવું જ્ઞાન...લાલ, પીળું.....?... આખું જગત વાસુદેવ પરમાત્મા રૂપ છે એટલે જ ભજનમાં બોલો છો ને-

**''આંખ મારી ઊઘડે ત્યાં સીતા રામ દેખું**
**ધન્ય મારું જીવન કૃપા એની લેખું''**

**'આગે રામ પીછે રામ જીત દેખું તીત રામ હી રામ '**
તુલસીદાસજી એ કહ્યું -
**સીયારામ મય સબ જગ જાની,**
**કરહુઁ પ્રણામ જોરી જુગ પાની**
**હરિ વ્યાપક સર્વત્ર સમાના,**
**પ્રેમસે પ્રગટ હોય હમ જાના**

**જલે વિષ્ણુ સ્થલે વિષ્ણુ વિષ્ણુ પર્વત મસ્તકે**
**જ્વાલા માલા કુલે વિષ્ણુ સર્વ વિષ્ણુમયં જગત,**
એનું સરળ ભાષામાં નરસિંહ મહેતાએ કહ્યું –
**પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા,**
**વૃક્ષ થઈ ફુલી રહ્યો તું આકાશે**
**આધ તું અંત તું મધ્ય વ્યાપી રહ્યો**
**કાર્યને કારણ તું જ કહાવે**
**એક અદ્વૈત તું વિશ્વ વ્યાપી રહ્યો,**
**હરિહર બ્રહ્મા એમ ગાવે.**

હરિ હર અને બ્રહ્મા ત્રણે એક જ મુખથી કહે છે કે આ બધુ એક જ રૂપ છે. જો એ જ્ઞાન થાય તો **''વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ ''** આ જ્ઞાન બાધાને થતુ નથી યોગ્યતા પ્રાપ્ત થાય તો થાય

**મનુષ્યાણાં સહસ્રષું કશ્ચિદ્યતતિ સિદ્ધેયે !**
**યતતામપિ સિદ્ધાનાં કશ્ચિન્માં વેત્તિ તત્ત્વતઃ !!**
(ગીતા અ. ૭ શ્લો. ૩ )

સુરતમાં કેટલી વસ્તી હશે ? એમાં ભજન કેટલા કરતાં હશે ? ભગવાન કહે છે કે હજારો માણસોમાંથી કોઈ એક મને પામવા માટે પ્રયત્ન કરે છે આવા હજારોમાંથી કોઈ એક મને તત્ત્વથી જાણી શકે છે. તો એ ક્યું તત્ત્વ ? બ્રહ્મતત્ત્વ. એ તત્ત્વ જાણવું એ જીવનનું સાફલ્ય છે. માનવ જીવનની સાર્થકતા છે. એ તત્ત્વ બધા જાણી શકતા નથી. છે સરળ **'' આગે રામ પીછે રામ જીત દેખુ તીત રામ હી રામ ''** બ્રહ્મ બધે ભરપૂર છે કોઈ એવી જગ્યા નથી કે જ્યાં તે ન હોય.

**કણ કણમેં છૂપા હૈ ભગવાન–**
**પહચાન સકે તો પહચાન જ્યોં તલ મેં તેલ હૈ,**
**જ્યોં ચકમક મેં આગ,**
**તેરો પ્રભુ તુજ મે બસે, જાગ સકે તો જાગ.**

તમારી અંદર પણ એ તત્ત્વ છે ભાગવતના એકાદશ સ્કંધની અંદર વિદેહરાજ નેમી નવ યોગેશ્વરોને પુછે છે આત્યંતિક જીવનું કલ્યાણ કઈ રીતે થઈ શકે છે એક એક પૂછતા પૂછતા પાંચમાં યોગેશ્વરને પૂછે છે. બ્રહ્મ તત્ત્વનું સ્વરૂપ શું છે ? તે ક્યાં છે ? પિપ્પલાયન નામના યોગેશ્વર બતાવે છે કે જેના દ્વારા સૃષ્ટિનું સર્જન, પાલન અને વિસર્જન થાય તે બ્રહ્મ છે.

**''યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે ! યેન જાતાની જિવન્તી ! તદ્‌બ્રહ્મ ! તદ્દ્વિજીજ્ઞિસ્યાસસ્વા''**

ઘણાં કહે કે સૃષ્ટિનું સર્જન થયું ત્યારે અમે હતાં નહિ અને પ્રલય વખતે અમે હશું નહિ તો કેમ જાણવું ? તો તેનાથી નજીક બતાવે છે કે જેના દ્વારા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થા પ્રાપ્ત થાય છે તે બ્રહ્મ છે. શરીર માંથી ચેતન નીકળી જાય તો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અવસ્થા પ્રાપ્ત થાય ?..... એનાથી નજીક બતાવે છે કે જેના દ્વારા દેહ, ઈન્દ્રિય, મન, બુદ્ધિ ચાલે છે તે બ્રહ્મ છે

**મેં જાનુ હરિ દૂર હૈ, હરિ હૈ હૃદય કી માંય**
**ટાટી આડી કપટ કી, પાસે દેખત નાહિ**

એ બ્રહ્મ તત્ત્વ બધા જાણી શકતા નથી જાણવું સરળ છે પણ અંતઃ કરણ શુદ્ધ થાય એટલી વાર છે. પાણી ચોખ્ખુ હોય અને સ્થિર હોય તો સૂર્ય અને ચંદ્રનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય એમ અંતઃ કરણ શુદ્ધ બને અને મન સ્થિર હોય તો પરમાત્માનું પ્રતિબિંબ શુદ્ધ દેખાય.

**અંતઃ કરણ હોય ઊજળા, જડ તિમિર ટળી જાય**
**સરવે લાગે સૂજવા, પદરજ મહિમાય,**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી**

તુલસી દાસજી કહે છે -
**મન મલિન તનુ સુંદર કૈસે,**
**વિષ રસ ભર્યા કનક ઘટ જૈસે.**

કનક એટલે સોનુ. સોનાના ઘડામાં વિષ ભર્યુ હોય તો કેવી શોભા થાય એમ તન એટલે શરીર,સુંદર હોય પણ હૃદયની અંદર રાગ દ્વેષ ભર્યા હોય. બ્રહ્મ અપરોક્ષ છે **'કરામલવંત્'** જેમ હાથમાં આમળુ રાખેલું હોય તો સ્પષ્ટ દેખાય અને ન દેખાય તો આડુ આવરણ આવી ગયુ છે ક્યુ આવરણ ? અવિદ્યાનું, માયાનું,

**''માયા પડદો દૂર કરે તો,**
**બ્રહ્મ જણાયે સ્પષ્ટ જોને ''**
**''મે જાનુ હરિ દૂર હૈ, હરિ હૈ હૃદય કી માંય,**
**ટાટી આડી કપટ કી, તાસે દેખત નાઈ ''**

સંતોએ કહ્યું કે આવરણ આડુ આવી ગયુ છે દીવો કરો અને તપેલી ઢાંકી દો તો અજવાળું પડે ? પેલાના સમયમાં ફાનસ હતા. તે એક રાત સળગે પછી બીજી રાતે અજવાળુ બહાર દેખાય નહિ તેને સાફ કરવા પડે. અને ન કરો તો અજવાળુ બહાર દેખાય નહિ એમ અંતઃકરણ શુદ્ધ નથી ત્યાં સુધી બ્રહ્મનો લાભ મળી શકતો નથી. જો અંતઃ કરણ શુદ્ધ બને અને મન સ્થિર બને તો-

**ચૌદશ એક ચરાચર રે, અખંડ અવિનાશી**
**બાહ્ય ભીતર ભરીયા રે, જુઓ તનમાં તપાસી**
**પુનમે પરમાત્મા રે, પૂરણ કરી પેખો**
**એમ વસે પ્રભુ સહુમાં રે, હસ્તમલ દેખો.**

જેમ હથેળીમાં આમળુ જુઓ એમ આત્મા પ્રત્યક્ષ છે સ્પષ્ટ છે પરંતુ અંતઃકરણ શુદ્ધ નથી મન સ્થિર નથી. આપણે મનને સ્થિર કરવા અભ્યાસ કરીએ છીએ કે પછી દેખાદેખી કરીએ છીએ ? બ્રહ્મ પ્રત્યક્ષ છે પણ આપણી એટલી યોગ્યતા નથી એ યોગ્યતા પ્રાપ્ત કરવા માટે સંતોનો સમાગમ કરવાથી ધીરે ધીરે, સેવા કરવાથી અંતઃકરણમાં યોગ્યતા પ્રાપ્ત થઈ શકે. શુદ્ધ થઈ શકે પરમાત્માની સદ્‌ગુરુની ઉપાસના કરવાથી મન સ્થિર થઈ શકે અને સદ્‌ગુરુનો સમાગમ સંતોનો સમાગમ કરવાથી અજ્ઞાન રૂપી અંધકાર દૂર થઈ જ્ઞાનરૂપી પ્રકાશ થઈ શકે છે જે બ્રહ્મ સર્વ વ્યાપક છે **''બૃહણત્વાત્ વ્યાપકત્વાત્ બ્રહ્મ''** બ્રહ્મ છે ક્યાં છે? વ્યાપક છે બ્રહ્મનું સુખ બ્રહ્મનો લાભ એક સાથે બધાને લાખો વ્યક્તિને લઈ શકાય છે કારણ કે બ્રહ્મ પૂર્ણ છે જ્યારે માયાના પદાર્થો અધૂરા છે અલ્પ છે છાંદોગ્ય ઉપનિષદ્‌ની અંદર કહ્યું -

**યો વે ભૂમા તત્સૂખં નાલ્પે સુખમસ્તિ.**
**યદ્ અલ્પં તદ્ મર્ત્યં યદ્ મર્ત્યં તદ્ દુઃખમ્ ॥**

જે ભૂમા છે સર્વ વ્યાપક છે તેમાં જ સુખ છે અલ્પમાં સુખ નથી. માયાના પદાર્થો અલ્પ છે. તે મરવાવાળું છે જે મરવાવાળુ છે તે દુઃખ દેવાવાળું છે જે મરે નહિ, તૂટે નહિ, જાય નહિ, આવે નહિ તેનાથી દુઃખ થાય નહિ, ને થશે નહિ.

**આવો રૂડો અવસર રે, પ્રાણી તુંને નહિ મળે રે**
**જો ચૂકીશ તો ચોરાશીમાં જાશ.... આવો રૂડો.....**
**બ્રહ્મ લાભાત્ પરોલાભો નાસ્તિ નાસ્તિન ક્રિશ્ચન્ ।**
**સ લાભ યેન દત્તો હિ સ ગુરુ વૃદ્ધઃ સજ્ઞકઃ ॥**

વૃદ્ધ જ્ઞાની ગુરુનો સંગ કરવાથી લાભ પ્રાપ્ત કરી શકીએ છીએ તો પરમાત્મા સર્વને સુખ સંપત્તિવાન બનાવે, આત્મજ્ઞાનના ભાગીદાર બનાવે જન્મ મરણના ચક્રમાંથી મુક્ત કરે એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના........

**સર્વત્રઃ સુખીનઃ સન્તુ......**

## ભજન

**મફતલાલ**

સાખી :- અંતર ઘરમેં અલખ ધણી જૈસી ફૂલો મેં ખુશ્બુ રહી
અનુંભવિ હોય તે ઓળખે જેને જીવન મરણની ફીકર નહી.

હેજી સદ્‌ગુરૂજી એ ઓળખાવ્યો નિજ આત્મા
ઘરડામાં પૂર્યો છે પૂરણ પ્રકાશ, -૧
શાન કરી શબ્દને આપીયો,
જેનું જતન કરે થી સુખ થાય, -૨
શબ્દ સૂણતાં જોગી જાગીયા,
ભૂલ્યા એતો જગતનું ભાન, -૩
અન્ન પાણીની લીધી આખડી,
નિત્ય પવન નાં આહાર, -૪
એતો નજરે નિહાળે જડે નહી,
એનો ગુંજી રહ્યો નવ ખંડમાં નાદ,-૫
અમીધારા વરસી ગુરૂદેવની,
આનંદ આપે છે દિવસને રાત, -૬
અખંડાનંદ સદ્‌ગુરૂજીના ચરણે,
મુક્તાનંદ લળી લળી લાગે પાય. -૭

રેખાબેન આર. મચાણી ❁
ભાવનગર

ॐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ પૂજ્ય પરમ આદરણીય સ્વામીજી શ્રી હરિહરાનંદસાગરજી મહારાજશ્રીના ભાવનગર મૂકામે સત્સંગ કથા પ્રવચનમાં સમજાવ્યું, ભગવાન શંકરાચાર્યએ તત્ત્વબોધ નામના ગ્રંથની રચનાના મંગલાચરણમાં કહ્યું કે

**વાસુદેવેન્દ્રં યોગિન્દ્રં નત્વાં જ્ઞાનપ્રદાનં ગુરૂં ।**
**મુમુક્ષુણાં હિતાર્થાય તત્ત્વબોધોભિધિયતે ॥**

કહે છે કે જ્ઞાન પ્રદાન કરનાર ગુરૂદેવ વાસુદેવ રૂપ છે તેવા ગુરૂને હું નમસ્કાર કરું છું મુમુક્ષુઓના હિત માટે તત્ત્વબોધ નામનાં ગ્રંથની રચના કરું છું. વાસુ એટલે જેની અંદર સર્વભૂત પ્રાણીઓ રહે તેને વાસુ કહેવામાં આવે છે. તે સર્વભૂત પ્રાણી પૂર્ણ પરમાત્મામાં રહે છે. પમાત્મા સિવાય કાંઈ નથી. શાંતિ પ્રદાન કરવાવાળા તે પરમાત્મા છે. જેનાથી સર્વભૂતોની ઉત્પત્તિ થઈ છે, જેમાં સર્વભૂતો સ્થિત છે અને જેમાં સર્વભૂતોનો લય થાય છે તે બ્રમ્હે છે. તો આપણે બ્રહ્મમાંથી ઉત્પન્ન થયા છીએ, બ્રહ્મમાં રહીએ છીએ અને બ્રહ્મમાં જ લીન થઈએ છીએ એમ દ્રઢ કરવું.

શિષ્ય ભગવાન શંકરાચાર્યને પ્રશ્ન કરે છે કે તત્ત્વબોધની રચના શા માટે ? ત્યારે ભગવાન શંકરાચાર્ય જવાબ આપતા કહે છે કે ગીતા, ઉપનિષદ અને વેદનું જ્ઞાન દરેક મુમુક્ષ જીવને સરળતાથી સમજાય તે માટે વેદના સારરૂપ આ તત્ત્વબોધની રચના કરી છે. આગળ સમજાવતા કહે છે કે જેને મોક્ષ મેળવવાની અર્થાત્ મુક્તિ મેળવવાની તીવ્ર ઈચ્છા હોય તેને મુમુક્ષુ કહેવાય.

મુક્ત થવાની ઈચ્છા એ ત્રણ પ્રકારની હોય છે (૧) ઉત્તર પ્રકારની (૨) મધ્યમ પ્રકારની અને (૩) મંદ પ્રકારની.

જેનામાં મંદપ્રકારની મુક્તિ મેળવવાની ઈચ્છા છે તેમણે જ્ઞાન લઈ મધ્યમ પ્રકારના બનવુ અને મધ્યમ પ્રકારની ઈચ્છાવાળાએ જ્ઞાન લઈ ઉચ્ચ પ્રકારની ઈચ્છાવાળા બનવું જોઈએ. વેદમાં મોક્ષ પ્રાપ્ત કરવા માટે ચાર સાધન. જે બતાવ્યા છે તે મુમુક્ષુઓએ પ્રાપ્ત કરવા જોઈએ. (૧) વિવેક (૨) વૈરાગ્ય (૩) શમ, દમ આદિ ષટ્સંપન્તિ (૪) મુમુક્ષત્વં. એ ચાર સાધન કહેવાય. હવે અહીં ષટ્સંપત્તિ એટલેજેમાં શમ, દમ ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન. જેમ આપણી પાસે ધનસંપત્તિ હોય તો ધન સંપન્ન કહેવાય. તેમ શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન એ ષટ્સંપત્તિ જે છે અને વિવેક, વૈરાગ્ય અને મુમુક્ષત્વં આ ચાર સાધન કહેવાય છે. મોક્ષ મેળવવા માટેના આ ચાર મુખ્ય સાધન છે. આ સાધન મેળવવા માટે ગુરૂની જરૂર પડે. સંસાર અપાર છે જેનો પાર ન આવે તેવો આ સંસાર છે.

હવે શિષ્ય ગુરૂજીને પૂછે છે કે સંસારરૂપી સાગરની અંદર ડૂબેલાને કોનું શરણું લેવું જોઈએ ? તો જવાબમાં કહે છે કે ગુરૂનું શરણું લેવું જોઈએ. જેમ નદી પાર કરવા નાવિકનું શરણ લઈએ છીએ તેમ આ અપાર સંસાર સમુદ્રને પાર કરવા માટે ગુરૂનું શરણું લેવું જોઈએ. જે મનુષ્ય ગુરૂના ચરણકમળ રૂપી નૌકાનું આશ્રય કરી લે છે. તે સંસાર સાગરથી પાર થઈ જાય છે. એ ગુરૂની નૌકા છે ત્યાં સુધી નૌકા ડૂબવાનો ભય નહિં રહે. ગુરૂએ આ ચાર સાધન વિવેક, વૈરાગ્ય, શમ, દમ આદિ ષટ્સંપત્તિ અને મુમુક્ષત્ત્વથી સંપન્ન છે.

હવે, જે સાધનો દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય છે તે મોક્ષના સાધનરૂપ તત્ત્વનો વિવેક જે છે તે બતાવતા શંકરાચાર્ય કહે છે કે તત્ત્વનો વિવેક એટલે શું ? એ પ્રશ્ન થાય તો ભગવાન શંકરાચાર્ય જવાબ આપતા કહે છે કે વિવેક એ જીવનમાં પ્રથમ અત્યાધિક આવશ્યક છે. એટલે ખૂબ આવશ્યક છે. વિવેકની પરમાર્થમાં પણ જરૂર પડે છે. વિવેક એટલે સમજણ સારા-નરસાની સમજણ નિત્ય અને અનિત્ય વસ્તુને જુદી પાડવામાં વિવેકની જરૂર પડે છે. સમજણ હોય તો નિત્ય વસ્તુને જ લઈએ છીએ. જે ત્રણેય કાળમાં રહે છે તે નિત્ય છે તો તે કઈ વસ્તુ છે ? પરમાત્મા છે. આપણે જાણીએ છીએ કે આત્માથી ભિન્ન જે પદાર્થો છે તે બધા પદાર્થો અનિત્ય છે. જે જોઈ શકાય છે, માણી શકાય છે, ખાય શકાય છે તે અનિત્ય પદાર્થ છે. નિત્ય અને અનિત્ય બંને સાથે રહે છે. તે બંને સાથે છે એટલે જ સંસાર ચાલે છે. બંન્ને વિરુધ્ધ હોવા છતાં સાથે રહે છે એટલા માટે સંસાર ચાલે છે તેનું યથાર્થ સ્વરૂપ જાણવું તેનું નામ છે વિવેક.

હવે સંસરણ એટલે જે ચાલ્યા જ કરે તેમાં

ફેરફાર થતો રહે અને ચાલ્યા જ કરે.

આપણું શરીર પણ એક સરખું નથી રહેતું. તેનું સંસરણ થાય છે સંસારની હદ પણ આ શરીર છે અને સંસારની શરૂઆત પણ આ શરીર છે. શરીરમાં જ સંસાર છે, સંસારને જોવો હોય તો શરીરને જોઈ લ્યો. શરીરની એક જરૂરિયાત પૂરી થયા પછી બીજી જરૂરિયાત ઉભી જ હોય આમ શરીરનો નાશ થાય ત્યાં સુધી જરૂરિયાત ઊભી રહે છે એટલે સંસાર ચાલ્યા જ કરે છે તેની હદ શરીર છે. શરીરનો નાશ થાય તો સંસારની હદર આવી જાય છે. જેમ એક પ્લોટ પૂરો થાય પછી બીજો પ્લોટ આવે તેમ એક શરીર પછી-બીજુ શરીર પૂરુ થયા પછી ત્રીજુ શરીર એમ તે અનંત છે. સંસાર અનંત છે, કોઈ અંત નથી. તે કલ્પિત છે. સાચો નથી. જો સાચો હોય તો ખબર પડી જાય પણ ત્રણેય કાળમાં એક સરખો રહેતો નથી. જેમ શરીર જન્મ સમયે જુદુ હતું, હાલ, જુદુ છે અને પછી પણ જુદુ હશે. એમ સંસાર અનિત્ય છે અને આત્માને જુઓ તો ખ્યાલ આવે આત્મા નિત્ય છે જન્મથી મૃત્યુ સુધી એનો એ જ રહે છે. સ્વામીજી સમજાવે છે જન્મથી આજ સુધી આપણે એના એજ છીએ કે બદલાય ગયા? તો શરીર બદલાય ગયું છે પણ આત્માથી બદલાયા નથી. જો બદલાય ગયા હોત તો બાલ્યાવસ્થા યાદ ના રહી હોત પણ આપણે તો ઓળખી શકીએ છીએ. બાલ્યાવસ્થામાં શું થયું તે યાદ છે. શરીરમાં ફેરફાર થાય છે, બાલ્યાવસ્થા પછી યુવાવસ્થા પછી વૃધ્ધાવસ્થા એમ શરીરમાં ફેરફાર થાય છે. આત્મામાં ફેરફાર થતો નથી.

સમજવા માટે માનો કે કોઈ વોચમેન રાખેલો હોય તેને કીધું કે તારે સળંગ રાત્રે આઠ વાગ્યાથી સવારના આઠ વાગ્યા સુધી ડયુટી કરવાની છે તેને કહેવામાં આવે છે કે જે કોઈ વ્યક્તિ પરિસરમાં પ્રવેશ કરે તેની તારે યાદી કરવાની છે. રજીસ્ટર કરવાનું સમય અનુસાર વોચમેન રોજ રાત્રે લખે છે તો રોજનું રાત્રિનું કયારે શું થયુ, કોણે પ્રવેશ કર્યો. તે જાણવા મળે છે તે વોચમેન બધી ગતિવિધી બતાવે છે એ કયારે બતાવી શકે ? કારણ કે એ વોચમેન સતત એ નો એ જ બાર કલાક સુધી જૂએ છે. બધી રાત્રિની માહિતી એ ત્યારે જ આપી શકે કારણ તે બદલાયો નથી. હવે તે જ વોચમેન સવારથી સાંજનું ના બતાવી શકે કારણ તે જ વોચમેન દિવસે ત્યાં હતો જ નહીં. દિવસનું દિવસગાળા વોચમેનને પૂછવું પડે. હવે તે રાત્રિની સળંગ ગતિ વિધિ એટલે બતાવી શકે છે કે તે સતત અહીં રહ્યો છે એવી રીતે સમજો આત્મા માટે. આત્મા આપણા શરીરમાં સતત રહેવાથી જન્મથી બાલ્યાવસ્થાથી જયાં સુધી શરીર વૃધ્ધાવસ્થામાં પહોંચે ત્યાં સુધીની ગતિ વિધીએ વૃધ્ધ બતાવી શકે છે. કે હું પાંચ વર્ષે સ્કૂલે ગયો, યુવાનવયે લગ્ન થયા. બાળકો થયા પછી છોકરા પરણાવ્યા આગળ એમને ઘેર બાળકો થયા. પોતાની સંસારની ગતિ વિધિ એ વૃધ્ધ બતાવી શકે. જો વૃધ્ધ ૧ થી ૧૦૦ વર્ષ જીવે તો તે ૧૦૦ વર્ષ સુધીની ગતિ વિધી બતાવી શકે છે એમ આ મનુષ્યનું જીવન જન્મથી લઈને મૃત્યુ સુધીનું બતાવી શકે છે કે આપણે (આત્માથી) બદલાતા નથી. કોઈ બીજો જીવાત્મા આપણા શરીરમાં બદલાતો નથી. આપણો આત્મા એનો એ જ રહે છે. એટલે કે આપણા આત્મા પર કાળની અસર થતી નથી. શરીર પર કાળની અસર થાય છે તે શરીર બાળકમાંથી યુવાન અને પછી કાળક્રમે ઘરડુ થાય છે. આત્મામાં કોઈ ફેરફાર થતો નથી. શરીર તો ઉંમર વધતા બદલાતું જાય છે. વાળ ધોળા થાય સાંભળવાનું ઓછું થાય વગેરે...

આપણા આચાર્યોએ આ બદલાતી અવસ્થાને છ વિકારમાં વહેંચી છે. આ શરીર છ ભાવથી વિકારગ્રસ્ત છે. છ ભાવવિકારમાંથી પાસ થાય છે. (૧) જાયતે (જન્મ) (૨) અસ્તિ (હોવું) (૩) વર્ધતે (વધવું) (૪) વિપરિણમતે (વિરુધ્ધ પરિણામ, બદલાવું) (૫) અપક્ષીયતે (ક્ષીણ થવું) (૬) વિનશ્યતિ (નાશ).

**(૧) જાયતે :–** જન્મ વિકાર, હવે બાળકના જન્મ પછી જ શરીરમાં ભાવવિકાર ગણવામાં આવે છે. બાળકના જન્મ પહેલા પંદર મિનિટ પહેલા પણ એવું ના કહી શકાય કે હું માતા છુ ગર્ભાવસ્થા સમયે હું માતા છું એવું ના કહી શકાય. હું માતા બનવાની છું એવું કહી શકાય પણ માતા. માતા છું એવું બોલીના શકાય. જન્મ થયા પછી જ દાવો કરી શકાય કે હું બાળકની માતા છું કે પિતા છું.

**(૨) અસ્તિ :–** છે પણાનો ભાવ, મારે પુત્ર છે. એવો ભાવ આવે છે.

**(૩) વર્ધતે :–** મોટું થવુ, વિકાસ થવો. બાળક જયારે અન્ન અને જળ ખાતુ-પીતુ થાય એટલે શરીર વૃધ્ધિ પામે છે મોટું થાય છે શરીર વધવાનો પણ નિશ્ચિત સમય છે. શરીરનો વિકાસ નિશ્ચિત કાળે બંધ થાય છે એટલે કે વધવાની અવસ્થા પણ નિશ્ચિત છે.

**(૪) વિપરિણમતે :–** એટલે વિરુધ્ધ પરિણામ આ ભાવ વિકારમાં શરીર બદલાવા લાગે છે તે યુવાવસ્થા સુધી વધે છે પછી યુવાવસ્થા પૂરી થયા પછી બદલાવાનું શરૂ થાય છે એટલે વાળ ધોળા થવા લાગે છે શરીર પર કરચલી પડવા લાગે છે દાંત સારા હતા તે નબળા થવા લાગે છે વગેરે... શરીરની અંદર રહેલા કોષો પણ બદલાવા લાગે છે. ઘસાવા લાગે છે યુવાવસ્થામાં જે કામ જેવી રીતે ઝડપથી થતું તે ઉંમર વધતા આગળ તેવી રીતે ઝડપથી થતું નથી.

**(૫) અપક્ષીયતે :–** ઘટવું, ક્ષીણ થવુ, આ ભાવ વિકારમાં શરીરની શક્તિ ક્ષીણ થવા લાગે યુવાવસ્થામાં જે વજન ઉપાડી શકતા હતા તે હવે વજન ઉપાડી શકતા નથી. દોડી શકતા હતા તે હવે દોડી શકતા નથી. દોડવાની ગતિ ઓછી થઈ જાય છે ધીમી થતી જાય છે. શરીર દુ:ખવા લાગે છે. આવું બધુ આ વૃધ્ધાવસ્થામાં થતું હોય છે. આ અપક્ષય નામના ભાવવિકારથી થાય છે. શરીર પર વધારે કરચલી પડવા લાગે છે. આંખે ઓછું દેખાય, પાચન મંદગતિથી થાય છે.

**(૬) વિનશ્યતિ :–** વિનાશ, આ સમયે શરીર કાળનો કોળીયો થઈ જાય છે. શરીરનું મૃત્યુ થઈ જાય છે પછી શરીર અંતિમ અગ્નિ સંસ્કારથી બળીને ભસ્મ થઈ જાય છે. આવી રીતે શરીરની આવી અવસ્થા દરેક શરીરની થાય છે. શરીર પૃથ્વી, વાયુ, જળ, તેજ, આકાશ એમ પાંચભુતોનું બનેલું છે તે હંમેશા બદલાય છે એટલે કે શરીરનું સંસરણ (બદલાતું રહેવુ) થાય છે એટલે શરીરને સંસાર કહેવાય છે. શરીર વ્યષ્ટિ છે. સંસાર સમષ્ટિ છે. બધુ ભેગું મળીને સંસાર બને છે. કોઈ એકની શક્તિ વ્યષ્ટિ શક્તિ અને સમૂહ શક્તિ સમષ્ટિ શક્તિ કહેવાય.

માટે શરીર બદલાતું રહેતું હોવાથી શરીર અનિત્ય છે. આત્મા સતત રહેતો હોવાથી નિત્ય છે. આમ શરીર અનિત્ય છે અને આત્મા નિત્ય છે.

વોચમેનની જેમ આપણે શરીરની અવસ્થા બતાવી શકીએ છીએ એટલે આપણે બદલાયા નથી. શરીરની અંદર રહેલો આત્મા છે તે બદલાયો નથી. તેથી નિત્ય છે.

જે સર્વદા અને સર્વત્ર રહે તેને નિત્ય કહેવાય ત્રણેય કાળમાં રહે તેને સર્વદા કહેવાય. સર્વત્ર એટલે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણેય અવસ્થામાં જેની અનૂભુતિ થાય તેને સર્વત્ર કહેવાય છે માટે આત્મા નિત્ય છે. શરીર અનિત્ય છે. નાશ થવાવાળું છે. જયારે આત્મા અમર છે જેનો વ્યય થતો નથી. જેને પ્રથમ આવુ અનિત્ય અને નિત્ય સમજાય તેને વિવેક કહેવામાં આવે છે. સત્ અને અસત્ શું તે સમજાય તેને વિવેક કહેવામાં આવે છે.

**(ક્રમશઃ)**

## પ. પૂ. સ્વામી શ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ



- ૨-૨-૨૦૧૫ - વામજ (તાલુકો- કલોલ)
- ૮-૨-૨૦૧૫ - વડાવી (તાલુકો- કલોલ)
- ૧૨-૨-૨૦૧૫ - લીંબાસી
- ૧૬-૨-૨૦૧૫ - ઈન્ટરનેશનલ શ્રી માધવાનંદ આશ્રમ - ગાંધીનગર
- ૧૭-૨-૨૦૧૫ - મહાશિવરાત્રીના ૪ પ્રહર પૂજા સાથે ઉજવવામાં આવશે
- ૨૧-૨-૨૦૧૫ - પાટણ
- ૨૪-૨-૨૦૧૫ - વિરતા
- ૨૬-૨-૨૦૧૫ - છત્રિયાદરા
- ૨૯-૨-૨૦૧૫ - કનોડા
- ૬-૩-૨૦૧૫ - ધુળેટીની પૂનમ ગાંધીનગર - ઈન્ટરનેશનલ શ્રી માધવાનંદ આશ્રમે મોટા ઈશનપુરના સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક તરફથી ઉજવવામાં આવશે.

## :: પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ ::



- તા. ૭-૨-૨૦૧૫ - ખડોલ (હળદરી)
- તા. ૯-૨-૨૦૧૫ - આંકલાવ

પ.પૂ. સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ શ્રીનો ૭૦મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૭૧ મહાવદ આઠમને ગુરૂવારે તા.૧૨-૨-૨૦૧૫ ના રોજ આંકલાવ ગામનાં આંગણે પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય શ્રી ના અધ્યક્ષતામાં ધામધુમથી ઉજવાશે.

નિમંત્રણ :- સ્વ. ભાઈલાલ (સેવક) શ્રી બાબુભાઈ પૂનમભાઈ પટેલ તથા શ્રી સુરેશભાઈ પૂનમભાઈ પટેલ

- તા. ૧૨-૨-૨૦૧૫ આંકલાવ થી બપોર પછી કંથારીયા
- તા. ૧૪-૨-૨૦૧૫ હળદરી
- તા. ૧૮-૨-૨૦૧૫ દહાણુ
- તા. ૨૦-૨-૨૦૧૫ સ્વામી શ્રી શિવોહંસાગરજી મહારાજ શ્રીનો ૩૮ નિર્વાણ જંયતિ મહોત્સવ ત્યાર બાદ ચાણોદ મુકામે પધારશે.

---

## શ્રી યોગાનંદ આશ્રમ ન્યુ ઝુસીના સંત્સંગ સમાચાર



મહામંડલેશ્વર શ્રી સ્વામી જગદીશાનંદ સાગરજી મહારાજ



મહંત શ્રી સ્વામી પ્રકાશાનંદ ગીરીજી મહારાજ



મહંત શ્રી સ્વામી ચિદ્ઘનાનંદ ગીરીજી મહારાજ

પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય શ્રી ની અધ્યક્ષતામાં તા. ૧૫-૧-૨૦૧૫ નાશુભ દીવસે યોગાનંદ આશ્રમ ન્યુ ઝુસી અલ્હાબાદ મુકામે ટ્રસ્ટી મંડળની મીટીંગનુ આયોજન થયુ હતુ. યોગાનંદ આશ્રમના હાલના મહંત શ્રી સ્વામી ચિદ્ઘનાનંદગીરી મહારાજ છે. તેવો શ્રીની હયાતી બાદ યોગાનંદ આશ્રમના મહંત તરીકે સ્વામી શ્રી પ્રકાશાનંદ સાગરજી મહારાજ શ્રીને સર્વોનુમતે નિયુક્ત કરવામાં આવે છે. તો સર્વે સેવક સમુદાઈને જણાવવાનુ કે આજથી શ્રી મહંત સ્વામી શ્રી પ્રકાશાનંદગીરી તરીકે નામ કરણ કરવામાં આવેલ છે.

લી. ટ્રસ્ટી મંડળ શ્રી યોગાનંદ આશ્રમ ન્યુ ઝુસી, અલ્હાબાદ-યુ. પી.

## પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી શિવોહંસાગરજી મહારાજ શ્રીનો ૩૮ મો નિર્વાણ જયંતિ મહોત્સવ





જય સચ્ચિદાનંદ સાથ જણાવવાનું કે પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય અનંત શ્રી વિભુષિત સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ શ્રીની અનંત કૃપાથી તેમજ પ.પૂ.પ્રાતઃ સ્મરણીય અનંત શ્રી વિભુષિત મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ શ્રીના શુભાશિર્વાદ થી પ.પૂ.પ્રાતઃસ્મરણીય અનંત શ્રી વિભુષિત સ્વામી શ્રી શિવોહંસાગરજી મહારાજ શ્રીનો ૩૮ મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૭૧ ફાગણ સુદ બીજને શુક્રવારે તા. ૨૦-૨-૨૦૧૫ના રોજ દહાણુ મુકામે પ.પૂ.પ્રાતઃસ્મરણીય અનંત શ્રી વિભુષિત મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય શ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.

### કાર્યસૂચિ તા.૨૦-૨-૨૦૧૫ શુક્રવાર

| | | | |
|---|---|---|---|
| પ્રભાતીયા-માળા | : ૫:૦૦-૬:૦૦ | સંતો મહંતોનું તથા મહેમાનોનુ સ્વાગત | : ૯:૩૦ - ૧૦:૦૦ |
| શ્રી ગુરૂગીતા નાનો-મોટો પાઠ | : ૬:૦૦ - ૭:૩૦ | મહાપુરૂષોનું પ્રવચન શ્રધ્ધાંજલી | |
| અલ્પાહાર | : ૭:૩૦ - ૮:૩૦ | વિષય - ગુરૂભક્તિ | : ૧૦:૦૦ - ૧૨:૩૦ |
| શ્રી સદ્‌ગુરૂ પૂજન | : ૮:૩૦ - ૯:૩૦ | મહાપ્રસાદ | : ૧૨:૩૦ - ૨:૦૦ |

### નિવેદક

શ્રી લાભુભાઈ કેશવભાઈ સુતરીયા
શ્રી મનીષભાઈ લાભુભાઈ સુતરીયા
શ્રી દીલીપભાઈ લાભુભાઈ સુતરીયા
ડો. શ્રી હિતેશભાઈ લાભુભાઈ સુતરીયા

**: સંપર્ક :**

**શ્રી લાભુભાઈ – ૦૯૩૨૨૨૩૩૧૮૧**
**શ્રી ચેતનભાઈ – ૦૯૦૪૯૫૩૯૦૮૨**

### મહોત્સવ સ્થળ

ગ્રેસ ફાર્મ દહાણુ, શિવોહંસાગર વાટીકા,
આંબાતપાડા. વાકી. દહાણુ, કોસબાડ રોડ,
મું. દહાણુ, જિ. પાલઘર - મહારાષ્ટ્ર. પીન નં.-૪૦૧૬૦૨



## તા. ૧૩-૦૧-૨૦૧૫ મકરસંક્રાંતી પ્રસંગે

પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી સાથે
ત્રિવેણી સંગમ પ્રયાગરાજમાં ગંગાસ્નાનનો પવિત્ર લાભ લઈને આવતા સેવકસમુદાય.





યોગાનંદ આશ્રમ,ન્યુ ઝુસી – અલ્હાબાદ

:: સૌજન્ય ::

શ્રી લાભુભાઈ કેશવભાઈ સુતરીયા ગામ – પાલડી (હાલ મુંબઈ)

શ્રી મનીષભાઈ લાભુભાઈ સુતરીયા • શ્રી દીલીપભાઈ લાભુભાઈ સુતરીયા

ડો. શ્રી હિતેશભાઈ લાભુભાઈ સુતરીયા (ઓર્થો. સર્જન-મુંબઈ)

REGISTERED UNDER RNI NO. GUJ GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5TH OF EVERY MONTH

Printed Book



પ.પૂ. સ્વામી શ્રી આત્માનંદજી મહારાજશ્રીનો ૭૭ મો નિર્વાણ દીન ઉત્સવ ગુરૂ
યોગાનંદ આશ્રમ અમદાવાદ પોષ વદ દશમ ગુરૂવાર તા. ૧૫-૧-૨૦૧૫ના શુભ દીવસે
પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ શ્રી વેદાન્તાચાર્યશ્રીની
અધ્યક્ષતામાં તેમજ સંતો મહંતોની ઉપસ્થિતીમાં ધામ ધુમથી ઉજવાયો હતો.

BOOK POST

પૃષ્ઠ ૨૪

If Not Delivered Please Return To :-
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sosani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Gotakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanand Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-